


# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## ગુજરાતમાં ફરી માવઠાની આફત: ૨૧થી ૨૬ જાન્યુઆરી દરમિયાન કમોસમી વરસાદની આગાહી

કુદરતનો બેવડો માર: ગુજરાતમાં ૨૧ જાન્યુઆરીથી કમોસમી વરસાદ અને કાતિલ ઠંડીનો કહેર શરૂ થશે, શું તંત્ર સજ્જ છે?

ગુજરાતનું હવામાન અત્યારે અનિશ્ચિતતાના દોરમાંથી પસાર થઈ રહ્યું છે. એક તરફ કાતિલ ઠંડીએ જનજીવનને બાનમાં લીધું છે, તો બીજી તરફ હવામાન નિષ્ણાતોએ માવઠાની આગાહી કરીને ખેડૂતોના જીવ અધ્ધર કરી દીધા છે. પરેશ ગોસ્વામીની આગાહી મુજબ, ૨૧ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી સુધી ગુજરાતના આકાશમાં કાળાડિબાંગ વાદળો છવાઈ જશે. આ દરમિયાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને કચ્છ જિલ્લાના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ ખાબકશે. આ માવઠું એવા સમયે આવી રહ્યું છે જ્યારે ખેતરોમાં રવિ પાક તૈયાર થવાના આરે છે. કમોસમી વરસાદથી પાક ધોવાઈ જવાની અને ગુણવત્તા બગડવાની પૂરેપૂરી શક્યતા છે, જે અંતે ખેડૂતોને દેવાના ડુંગર નીચે દબાવી દેશે.

જયપ્રકાશ માઢકે કરેલી આગાહી વધુ ભયાનક છે. તેમના મતે, ૨૬ જાન્યુઆરીની આસપાસ દિલ્હી, પંજાબ, હરિયાણા અને રાજસ્થાન સહિત ગુજરાતમાં ફરી એકવાર કાતિલ ઠંડીની લહેર આવશે. વાદળછાયા વાતાવરણ અને વરસાદી છાંટા પડ્યા બાદ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધશે, જેના કારણે રાત્રિના સમયે ઠંડી 'ભૂક્કા બોલાવશે'. હાલમાં નલિયા ૯.૨ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર છે, પરંતુ આગામી દિવસોમાં આ પારો ૫-૬ ડિગ્રી સુધી ગગડી શકે છે. અમરેલીમાં પણ તાપમાન ૧૦ ડિગ્રીની નીચે જઈ રહ્યું છે, જે શારીરિક સ્વાસ્થ્ય માટે પણ જોખમી સાબિત થઈ શકે છે. પત્રકારત્વની દ્રષ્ટિએ જોઈએ તો, વારંવાર થતા હવામાન પલટા માટે ક્લાઈમેટ ચેન્જ જવાબદાર છે, પરંતુ તેની સીધી અસર ગ્રામીણ અર્થતંત્ર પર પડી રહી છે. દર વર્ષે માવઠાથી કરોડોનું નુકસાન થાય છે, છતાં સરકાર પાસે કોઈ કાયમી આપત્તિ વ્યવસ્થાપન પ્લાન નથી. માર્કેટ યાર્ડોમાં પણ ખુલ્લામાં પડેલો અનાજનો જથ્થો પલળી જવાની ઘટનાઓ અગાઉ બની ચૂકી છે. જો ૨૧ તારીખથી વરસાદ શરૂ થશે, તો માર્કેટ યાર્ડોમાં પડેલો માલ બચાવવો મુશ્કેલ બનશે. ખેડૂતોએ અત્યારથી જ પાયમાલીનો ડર સતાવી રહ્યો છે. શું કૃષિ વિભાગ ઊંઘમાંથી જાગીને ખેડૂતોને સુરક્ષિત રાખવા માટે કોઈ એડવાઈઝરી જારી કરશે? કે પછી દર વખતની જેમ નુકસાન થયા બાદ માત્ર સર્વેના નામે લોલીપોપ આપવામાં આવશે? જનતા અને ખેડૂતો અત્યારે કુદરત અને સિસ્ટમ બંને સામે લાચાર દેખાઈ રહ્યા છે.



**ગુજરાતમાં ફરી એકવાર કુદરત રૂઠી છે. હવામાન નિષ્ણાતોની આગાહી મુજબ ૨૧ થી ૨૬ જાન્યુઆરી દરમિયાન રાજ્યમાં કમોસમી વરસાદ ખેતીના પાકનો સોથ વાળી શકે છે. ઉત્તર ગુજરાત અને કચ્છમાં માવઠાની આફત ત્રાટકવાની પૂરેપૂરી શક્યતા છે.**

## વડોદરામાં એક્ઝિક્યૂટિવ તસ્કરોનો આતંક, 18 લાખની ચોરી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા: હાઈપ્રોફાઈલ તસ્કરોનો નવો અંદાજ, ઉદ્યોગપતિના ઘરે હાથફેરો કરી પોલીસને આપી ખુલ્લી ચેલેન્જ!

વડોદરાના ન્યૂ સમા રોડ પર આવેલી નંદનવન સોસાયટીમાં તસ્કરોએ કાયદો અને વ્યવસ્થાની મજાક ઉડાવી છે. ઉદ્યોગપતિ નરેશ પટેલ જ્યારે પરિવાર સાથે ઉત્તરાયણ વેકેશન માણી રહ્યા હતા, ત્યારે તસ્કરોએ તેમના ઘરે ૧૮ લાખની ચોરી કરી હતી. આ તસ્કરોની મોડસ ઓપરેન્ડી જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી છે; કોઈને શંકા ન જાય તે માટે તસ્કરો એક્ઝિક્યૂટિવ લુકમાં ઇન-શર્ટ કરીને ચોરી કરવા આવ્યા હતા.

સીસીટીવીમાં દેખાય છે કે એક તસ્કર વહેલી સવારે ૨:૧૧ વાગ્યે આવીને ઘરની લાઈટો બંધ કરે છે અને ત્યારબાદ અન્ય સાથીદારો સાથે દીવાલ કૂદીને ઘરમાં પ્રવેશ કરે છે. પાડોશીઓએ ત્રણ તસ્કરોને જોયા હોવા છતાં, કોઈને શંકા ગઈ નહોતી કારણ કે તેમનો ડ્રેસ કોડ જિજ્ઞાસા જગાડે તેવો નહોતો. ₹૪ લાખ રોકડા અને ₹૧૪ લાખના કિંમતી દાગીના સેરવી લેનારા આ તસ્કરો પોલીસની નાક નીચેથી આસાનીથી ભાગી છૂટ્યા છે. શું પોલીસનું કામ માત્ર અકસ્માત બાદ ગુનો નોંધવાનું જ છે? જો તહેવારોમાં પેટ્રોલિંગ સઘન હોત, તો સીસીટીવીમાં બિન્દાસ ફરતા આ તસ્કરો કદાચ જેલના સળિયા પાછળ હોત. સમા પોલીસે ફરિયાદ તો નોંધી છે, પરંતુ વડોદરાવાસીઓમાં ફફડાટ છે કે હવે તો સૂટ-બૂટમાં આવતા ચોરોથી ઘર બચાવવું પણ મુશ્કેલ બન્યું છે.



**વડોદરા: હાઈપ્રોફાઈલ તસ્કરોનો નવો અંદાજ, ઉદ્યોગપતિના ઘરે હાથફેરો કરી પોલીસને આપી ખુલ્લી ચેલેન્જ!**

## સ્માર્ટ સિટી વડોદરા: ગટરની ગંદકી મામલે વોર્ડ 4 માં હલ્લાબોલ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા: મેયરના જ વોર્ડમાં જનતાનો 'નર્કોદ્ધાર', વોર્ડ ૪ ની કચેરીએ મહિલાઓએ મચાવ્યો હોબાળો!

વડોદરા મહાનગરપાલિકાના શાસકો શહેરને સ્માર્ટ સિટી ગણાવીને પીઠ થાબડી રહ્યા છે, પરંતુ વાસ્તવમાં જનતા ગંદકી અને રોગચાળાના ભય નીચે જીવી રહી છે. વોર્ડ નંબર ૪ માં આવતા ખોડિયારનગર વુડા આવાસના રહીશો છેલ્લા બે વર્ષથી ગટર ઉભરાવાની જીવલેણ સમસ્યાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગટરના ગંદા પાણી રસ્તાઓ પર ફરી વળતા રહીશોને ઘરેથી બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે. વારંવારની રજૂઆતો પછી પણ પાલિકાના એન્જિનિયરો કે સ્થાનિક કોર્પોરેટરો આ સમસ્યા ઉકેલવામાં કોઈ રસ દાખવી રહ્યા નથી. આજે રહીશોનો ધૈર્ય ખૂટતા મહિલાઓએ વોર્ડ ૪ ની કચેરી ખાતે મોરચો માંડ્યો હતો. "વોટ માટે રાત-દિવસ અવાય છે, પણ સમસ્યા માટે સમય નથી" ના નારા સાથે મહિલાઓએ મેયર પિન્કીબેન સોનીના વહીવટ સામે સવાલો ઉઠાવ્યા હતા. રહીશોનો ગુસ્સો સાતમા આસમાને હતો



કારણ કે ગટરનું પાણી હવે પીવાના પાણીની લાઈનમાં પણ ભળી રહ્યું હોવાની આશંકા છે. પાલિકાના ભ્રષ્ટ અને ઢીલા વહીવટને કારણે સામાન્ય માણસ પાયમાલ થઈ રહ્યો છે. જો પ્રથમ નાગરિક (મેયર) ના પોતાના વિસ્તારમાં જ આવી સ્થિતિ હોય, તો આખું વડોદરા રામ ભરોસે છે તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જનતાએ હવે નેતાઓને વિસ્તારમાં પ્રવેશબંધી કરવાની પણ તૈયારીઓ બતાવી છે.

**વડોદરાના કહેવાતા 'સ્માર્ટ સિટી'માં સ્લમ વિસ્તારોની હાલત નર્ક સમાન બની છે. વોર્ડ ૪ ના ખોડિયારનગર વુડાના રહીશોએ ૨ વર્ષથી ગટર ઉભરાવાની સમસ્યા મુદ્દે મેયરના વિસ્તારમાં જ હલ્લાબોલ કરી ભ્રષ્ટ વહીવટની પોલ ખોલી નાખી છે.**

## નશામુક્ત વડોદરા: ધારાસભ્ય યોગેશ પટેલના પોલીસને આકરા તેવર

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં 'નશામુક્ત વડોદરા' અભિયાન: માત્ર પ્રસંશા કે નક્કર કાર્યવાહી? ધારાસભ્યોના નિવેદને સિસ્ટમની પોલ ખોલી! વડોદરા મેડિકલ કોલેજ ખાતે યોજાયેલા સન્માન કાર્યક્રમમાં ધારાસભ્ય યોગેશ પટેલે આપેલા નિવેદને ખળભળાટ મચાવ્યો છે. તેમણે પોલીસને સ્પષ્ટ સૂચના આપી છે કે ડ્રગ્સ વેચનારાઓને બચાવવા ભલામણ કરનારા ગમે તેટલા મોટા માથા હોય, તેમના નામ જાહેર અખબારોમાં આપવા જોઈએ. આ નિવેદન સાબિત કરે છે કે ડ્રગ્સના કેસોમાં ક્યાંક ને ક્યાંક ભીનું સંકેલવામાં આવે છે. માંજલપુરના ધારાસભ્યએ સયાજી હોસ્પિટલના નશામુક્તિ વિભાગ માટે ૧૦ લાખ રૂપિયાની ગ્રાન્ટની જાહેરાત તો કરી, પણ સાથે જ કડકાઈથી કામ લેવાની સૂચના આપી છે.

ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાએ પણ ચિંતા વ્યક્ત કરી છે કે ખાનગી યુનિવર્સિટીઓ અને કોલેજો ડ્રગ્સના એપીસેન્ટર બની રહી છે. બહારથી આવતા વિદ્યાર્થીઓ આ બદીનો ભોગ બની રહ્યા છે. SSG હોસ્પિટલના ડૉ. મહેશ સુથારે રજૂ કરેલા આંકડા ચોંકાવનારા છે, જેમાં દારૂથી માંડીને ગાંજા અને ઓપિઓઇડ સુધીના નશાના હજારો દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જ્યારે શહેરના ખૂણે ખૂણે નશો વેચાઈ રહ્યો હોય, ત્યારે પોલીસ માત્ર એવોર્ડ વહેંચીને સંતોષ માની રહી છે તે બાબત ટીકાપાત્ર છે. જનતા પૂછી રહી છે કે જો નેતાઓને ખબર છે કે ડ્રગ્સ ક્યાં વેચાય છે અને કોણ બચાવે છે, તો પછી ધરપકડ કેમ નથી થતી?



## માંજલપુરમાં અસામાજિક તત્વોનો આતંક, વાહનોમાં તોડફોડ



**દૈનિક પલ્સ સમાચાર:** માંજલપુરમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડ્યા છે. મકરપુરા જીઆઈડીસી કોલોનીમાં મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ અતુલભાઈ પટેલના ઘર બહાર પાર્ક કરેલા ઇલેક્ટ્રિક સ્કૂટર અને દરવાજા પર પથ્થરમારો કર્યો હતો. સીસીટીવીમાં તોડફોડના દ્રશ્યો કેદ થયા હોવા છતાં ગુનેગારો પોલીસ પકડથી દૂર છે. અગાઉના વિવાદમાં નુકસાનના નાણાં માંગતા ફરી હુમલો કરાયો હોવાનો પીડિતનો આક્ષેપ છે. પોલીસની ઢીલી નીતિને કારણે અસામાજિક તત્વોને મોકળું મેદાન મળ્યું છે.

## અટલાદરા BAPS: 1420 દિવસ બાદ પધાર્યા મહંત સ્વામી મહારાજ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના અટલાદરા સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે આજે ભક્તિ અને શક્તિનો અદભુત સંગમ જોવા મળ્યો. આશરે ૧૪૨૦ દિવસના લાંબા અંતરાલ બાદ સંસ્થાના વડા પૂજ્ય મહંત સ્વામી મહારાજ અમદાવાદથી વડોદરા પધાર્યા હતા. આ પ્રસંગને યાદગાર બનાવવા ૯૨ બુલેટ સવાર યુવાનોએ ભવ્ય એસ્કોર્ટ કરીને સ્વામીશ્રીને મંદિર પરિસર સુધી લાવ્યા હતા. આગામી ૯૨મી જન્મજયંતી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સ્વામીશ્રીના સ્વાગત માટે ૪૭ યુવાનોએ ૧૪૨૦ દંડવત પ્રણામ કર્યા હતા, જ્યારે અનેક ભક્તોએ ૯૨ કલાકના નિર્જળ ઉપવાસ કરીને પોતાની અતૂટ શ્રદ્ધા પ્રગટ કરી હતી. પ્રમુખ એકેડેમીના વિદ્યાર્થીઓએ ૪૫,૦૦૦ પૃષ્ઠોના પઠન દ્વારા જ્ઞાનની અંજલિ અર્પી હતી. ડ્રોન વીડિયોમાં કેદ થયેલા આ દ્રશ્યોએ વડોદરાને ભક્તિમય કરી દીધું છે. આ પ્રસંગ માત્ર ધાર્મિક નહીં પણ સામાજિક એકતાનું પ્રતીક બની રહ્યો છે.



# જલાલપુર બેંકમાં કરોડોની ઉચાપત, કેશિયર ખેડૂતોની કમાણી લઈ ફરાર

## ગઢડા: બેંક કેશિયરે ખેડૂતોના 5 કરોડ સેરવી લીધા

**દૈનિક પલ્સ સમાચાર:** જલાલપુરમાં બેંકિંગ સેવામાં વિશ્વાસઘાત: ખેડૂતોના 5 કરોડ સેરવી લેનાર કેશિયર ફરાર, બેંક તંત્રની નિષ્ફળતા ઉઘાડી પડી! ગઢડા તાલુકાના જલાલપુર ગામમાં આવેલી ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકની શાખા અત્યારે ખેડૂતોના આંસુઓનું કેન્દ્ર બની છે. ખેડૂત ખેતરમાં રાત-દિવસ એક કરીને જે મૂડી ભેગી કરે છે, તે બેંકમાં પણ સુરક્ષિત નથી રહી તે આધુનિક યુગની સૌથી મોટી કરુણતા છે. સ્થાનિક ખેડૂતોના આક્ષેપો મુજબ, બેંકના કેશિયર આનંદે નાના ઉમેરડા, મોટા ઉમેરડા, વીકળીયા અને જલાલપુરના અંદાજે 50 થી 60 ખેડૂતોના ખાતામાંથી ₹4 થી 5 કરોડ જેવી માતબર રકમ બારોબાર ઉપાડી લીધી છે.

કોઈ ખેડૂતના ખાતામાંથી 10 લાખ તો કોઈના ખાતામાંથી 20 લાખ રૂપિયા ગાયબ થઈ ગયા છે. આ રકમ કોઈએ પોતાની જમીન વેચીને જમા કરાવી હતી, તો કોઈએ દીકરીના લગ્ન કે બાળકોના ભવિષ્ય માટે બચાવી રાખી હતી. આ કૌભાંડની મોડસ ઓપરેન્ડી અત્યંત ચોંકાવનારી છે; કેશિયર પાસબુકમાં એન્ટ્રી કરવાના બહાને ચાર મહિનાથી ખેડૂતોને ધક્કા ખવરાવતો હતો. ગત 12 તારીખ પછી કેશિયર અચાનક ગાયબ થઈ ગયો અને ત્યારે જ આ કરોડોની ઉચાપતનો ભાંડો ફૂટ્યો છે.

સૌથી વધુ આક્રોશ બેંકના મેનેજમેન્ટ સામે છે. આટલી મોટી રકમ ઉપાડી લેવાઈ છતાં ચેરમેન અને જનરલ મેનેજરે હજુ સુધી મૌન ધારણ કરી રાખ્યું છે. આ મૌન ગુનેગારને છાવરવા સમાન છે. પીડિત ખેડૂતોની માંગણી છે કે તાત્કાલિક FIR નોંધવામાં આવે, બેંક મેનેજમેન્ટની જવાબદારી નક્કી થાય અને સૌથી મહત્વનું એ કે ખેડૂતોના મહેનતના રૂપિયા સંપૂર્ણપણે પરત ચૂકવવામાં આવે. બેંક જે સેફ્ટીનું પ્રતીક હોવી જોઈએ તે લૂંટનું કેન્દ્ર બની ગઈ છે. જ્યાં સુધી આ ખેડૂતોને ન્યાય નહીં મળે, ત્યાં સુધી આ અવાજ શાંત થશે નહીં.




**જલાલપુર બેંકમાં કેશિયર આનંદે 60 ખેડૂતોના 5 કરોડ લૂંટ્યા. દીકરીના લગ્ન અને જમીન વેચાણના નાણાં બારોબાર ઉપાડી લેતા આક્રોશ.**

# વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા પ્રોહિબીશનનો આરોપી ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા ગ્રામ્ય પોલીસની "ઓપરેશન પરાક્રમ" ની ગુલબાંગો વચ્ચે જિલ્લામાં નાસતા-ફરતા ગુનેગારોની હાજરી યથાવત્ છે. તાજેતરમાં પેરોલ-ફર્લો સ્કવોર્ડ દ્વારા સાવલી પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનાના વોન્ટેડ આરોપી ભીખાભાઇ લાલજીભાઇ તળપદાને આણંદ જિલ્લાના કોસીન્દ્રા ગામથી હસ્તગત કરાયો છે. આરોપી ભીખાભાઇ સામે નવેમ્બર ૨૦૨૫માં પ્રોહિબીશનની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો, ત્યારથી તે પોલીસને ચકમો આપી રહ્યો હતો. પીએસઆઈ એસ.જે.જતની ટીમે બાતમીના આધારે સાર્વજનિક હાઇસ્કુલ પાસેથી તેને ઝડપી પાડ્યો છે. સવાલ એ થાય છે કે જ્યારે પોલીસ 'પરાક્રમ' ના દાવા કરે છે, ત્યારે ગુનેગારો મહિનાઓ સુધી પોલીસની નજરથી દૂર રહેવામાં સફળ કેમ થાય છે?. આવા તત્વોની ધરપકડ માત્ર આંકડાકીય સફળતા છે કે કાયમી ઉકેલ, તે જોવાનું રહ્યું. હાલ આરોપીને આગળની કાર્યવાહી માટે સાવલી પોલીસને સોંપવામાં આવ્યો છે.




**સાવલી પોલીસ સ્ટેશનના પ્રોહિબીશન ગુનામાં નાસતા-ફરતા ભીખાભાઇ તળપદાને વડોદરા ગ્રામ્ય પેરોલ-ફર્લો સ્કવોર્ડ દ્વારા ઝડપી લેવાયો.**

# માંજલપુર: મોડી રાત્રે યુવતીએ પોલીસની જીપ પર ચઢી મચાવ્યો હોબાળો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા: માંજલપુરમાં ૧૬ વર્ષીય યુવતીનો હાઈવોલ્ટેજ ડ્રામા, પોલીસની ગાડી પર ચઢી મચાવ્યો હોબાળો.

વડોદરાના માંજલપુર વિસ્તારમાં ગુરુવારે રાત્રે એક અસામાન્ય ઘટના બની હતી. રસ્તા પર પેટ્રોલિંગ કરી રહેલી પોલીસની ગાડી પર એક ૧૬ વર્ષની કિશોરી અચાનક ચઢી ગઈ હતી અને જોરશોરથી બૂમો પાડી હોબાળો કરવા લાગી હતી. આ ઘટનાને પગલે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિક લોકોમાં કુતૂહલ સર્જાયું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે યુવતીનો તેના બોયફ્રેન્ડ સાથે ઉગ્ર ઝઘડો થયો હતો, ત્યારબાદ આવેશમાં આવીને તેણે આ પગલું ભર્યું હતું.

બનાવની જાણ થતા પોલીસની ટીમે સંયમપૂર્વક કામ લીધું હતું અને યુવતીને ગાડી પરથી નીચે ઉતારી પોલીસ મથકે ખસેડી હતી. કિશોરીની ઉંમર જોતા પોલીસે કાયદેસરની કડક



કાર્યવાહી કરવાને બદલે માનવીય અભિગમ અપનાવ્યો હતો. પોલીસ સ્ટેશનમાં તેને પાણી પીવડાવી શાંત પાડવામાં આવી હતી અને નિષ્ણાતો દ્વારા તેનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેના માતા-પિતાને બોલાવીને કિશોરીની સુરક્ષા અને માનસિક સ્થિતિ અંગે જાણ કરી તેમને સોંપી દેવામાં આવી હતી. જાહેર સ્થળે બનેલી આ ઘટનાનો વીડિયો હાલ વડોદરાના ગ્રુપમાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

# વડોદરા: રેલ્વેમાં ચોરી કરતી સાંસી ગેંગ પર GCTOC લાગુ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા રેલ્વે પોલીસની મોટી કાર્યવાહી: ટ્રેનોમાં આતંક મચાવતી 'સાંસી ગેંગ' પર GCTOC નો કોરડો! ગુજરાત સહિત અનેક રાજ્યોમાં રેલ્વે મુસાફરોના નાકમાં દમ લાવનાર 'સાંસી ગેંગ' ના હવે વળતા પાણી શરૂ થયા છે. વડોદરા રેલ્વે પોલીસે ગેંગની સંગઠિત પ્રવૃત્તિઓને જડમૂળથી નાબૂદ કરવા માટે ગુજરાત આંતકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ (GCTOC) હેઠળ કડક ગુનો દાખલ કર્યો છે. આ ગેંગની મોડસ ઓપરેન્ડી એટલી ચોકસાઈભરી હતી કે મુસાફરોને ખબર પડે તે પહેલાં જ તેમનો સામાન ગાયબ થઈ જતો હતો. રેલ્વે પોલીસની તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે આ ગેંગના સભ્યો ટ્રેનમાં ચોક્કસ જૂથોમાં મુસાફરી કરતા અને મોબાઈલ, સોના-ચાંદીના દાગીના તેમજ રોકડની ચોરી કરતા હતા. વિવિધ રાજ્યોમાં પથરાયેલા તેમના નેટવર્કને કારણે તેમને પકડવા પોલીસ માટે માથાનો દુખાવો હતો. જોકે, વડોદરાની GRP ટીમે સચોટ બાતમીના આધારે આ ગેંગને ઘેરવાની રણનીતિ બનાવી છે. GCTOC લાગુ થવાથી હવે આ ગુનેગારોને જામીન મેળવવા મુશ્કેલ બનશે અને પોલીસને પણ ઉંડાણપૂર્વક તપાસ માટે વધુ સત્તા મળશે. પોલીસના આ કડક વલણથી રેલ્વેમાં ચોરી કરતા અન્ય ગુનેગારોમાં પણ ફફડાટ વ્યાપ્યો છે. તંત્રએ મુસાફરોને પણ વિનંતી કરી છે કે મુસાફરી દરમિયાન જાગૃત રહે અને કોઈ પણ શંકાસ્પદ હલચલ દેખાય તો તુરંત હેલ્પલાઈન પર જાણ કરે.

**ટ્રેનોમાં તરખાટ મચાવતી આંતરરાજ્ય સાંસી ગેંગ પર વડોદરા રેલ્વે પોલીસની તવાઈ. સંગઠિત ગુનાખોરી બદલ GCTOC હેઠળ ગુનો દાખલ.**

# દાહોદ રેલ્વે સ્ટેશન: ટાવર પર ચઢેલા યુવકને નીચે ઉતારાયો

**દૈનિક પલ્સ સમાચાર:** દાહોદ રેલ્વે સ્ટેશન પાસે એક યુવક હાઈ માસ્ટ ટાવર પર ચઢી જવાની ઘટનાને પગલે અફરાતફરી મચી ગઈ હતી. આશરે ૧૦૦ ફૂટથી વધુ ઊંચા ટાવર પર યુવકને જોઈને મુસાફરો અને સ્ટેશન સ્ટાફ સ્તબ્ધ થઈ ગયો હતો. જાણવા મળ્યું છે કે યુવક માનસિક રીતે બીમાર હતો અને અચાનક જ ટાવર પર ચઢવા લાગ્યો હતો.

સ્થળ પર પહોંચેલા રાહત અને બચાવ દળના સભ્યોએ યુવકને નીચે ઉતારવા માટે વ્યૂહાત્મક રીતે કામ લીધું હતું. શરૂઆતમાં યુવક નીચે આવવા તૈયાર નહોતો, જેના કારણે મુશ્કેલી વધી હતી. જોકે, અધિકારીઓએ સતત બે કલાક સુધી તેની સાથે વાતચીત ચાલુ રાખી અને તેને ભરોસો અપાવ્યો હતો. આખરે યુવક સમજાવટથી શાંત પડ્યો અને તેને સુરક્ષિત રીતે નીચે લાવવામાં આવ્યો. આ સમગ્ર ઓપરેશન દરમિયાન રેલ્વે સ્ટેશન વિસ્તારમાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. યુવકને નીચે ઉતાર્યા બાદ તુરંત જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. તંત્રની સમયસૂચકતા અને ધીરજને કારણે એક મોટી દુર્ઘટના ટળી હતી. હાલ યુવકને તેના પરિવારજનોની શોધખોળ કરીને તેમને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે.

# સોમા તળાવ પાસે માસૂમ બાળકીની છેડતી, આરોપી ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા: ઉત્તરાયણના પર્વે સોમા તળાવ વિસ્તારમાં ૬ વર્ષની બાળકીની છેડતી, ૨૨ વર્ષીય યુવક જેલભેગો.

વડોદરાના સોમા તળાવ વિસ્તારમાં ઉત્તરાયણના દિવસે હૈયું હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે. સમગ્ર શહેર જ્યારે પતંગબાજીમાં મશગૂલ હતું, ત્યારે એક ૨૨ વર્ષીય યુવકે ૬ વર્ષની માસૂમ બાળકીને પોતાની હવસનો શિકાર બનાવવાનો પ્રયાસ કર્યો હતો. બાળકી અગાશી પર હતી ત્યારે તેની છેડતી કરવામાં આવી હોવાની ફરિયાદ ઉઠી છે. આ ઘટનાની જાણ થતા જ બાળકીના વાલીઓએ ન્યાયની માંગ કરી હતી. આ મામલે સ્થાનિક કપુરાઈ પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે. બાળકી સગીર વયની હોવાથી અને તેની સાથે થયેલું કૃત્ય ગંભીર હોવાથી, કાયદાકીય જોગવાઈઓ મુજબ પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ૨૨ વર્ષીય આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. આ ઘટનાને પગલે સોમા તળાવ વિસ્તારમાં ભારે ચર્ચા જાગી છે અને લોકો આવી વિકૃત માનસિકતા ધરાવતા શખ્સો સામે કડકમાં કડક સજાની માંગ કરી રહ્યા છે. તહેવારોના સમયે વાલીઓએ પણ પોતાના બાળકોની સુરક્ષા માટે વધુ સતર્ક રહેવાની જરૂરિયાત આ કિસ્સા પરથી સાબિત થાય છે

# નટુભાઈ સર્કલ પાસે મોલમાં આગ, વાહનો ખાખ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના નટુભાઈ સર્કલ નજીક આવેલા એક જાણીતા શોપિંગ મોલમાં આજે આગનો બનાવ બનતા અફરાતફરી મચી ગઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, મોલના પરિસરમાં ઉભેલી એક કારમાં અચાનક ધુમાડા નીકળ્યા હતા અને જોતજોતામાં આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી. પવનની ગતિ અને જ્વલનશીલ પદાર્થોને કારણે આગ ઝડપથી પ્રસરી હતી અને નજીકમાં પાર્ક કરેલા અન્ય વાહનોને પણ પોતાની ઝપેટમાં લીધા હતા. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવીને આગને વધુ ફેલાતી અટકાવી હતી. મોલમાં રહેલા લોકોને તાત્કાલિક સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા, જેના કારણે કોઈ જાનહાનિ નોંધાઈ નથી. જોકે, આગમાં ચારથી પાંચ વાહનો બળીને ખાખ થઈ ગયા છે અને મોલના બાહ્ય માળખાને પણ નુકસાન થયું છે. આગ લાગવાનું પ્રાથમિક કારણ કારમાં શોર્ટ સર્કિટ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

# ચતુરભાઈ પાર્ક સોસાયટીમાં આંખમાં મરચું નાખી ફિલ્મી ઢબે લૂંટ

**દૈનિક પલ્સ સમાચાર:** વારસિયામાં ખૌફનું સામ્રાજ્ય: ચતુરભાઈ પાર્ક સોસાયટીમાં મરચું નાખી લૂંટની ઘટનાથી વડોદરા પોલીસની ઊંઘ ઉડી! વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી હોવાનું વધુ એક ઉદાહરણ સામે આવ્યું છે. વારસિયા પોલીસ મથકની હદમાં આવેલી ચતુરભાઈ પાર્ક સોસાયટીમાં અજાણ્યા લૂંટારુઓએ એક અત્યંત કાયરતાપૂર્ણ અને ઘાતકી લૂંટને અંજામ આપતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. લૂંટારુઓએ એક નિર્દોષ નાગરિકને રસ્તામાં આંતરીને તેની આંખોમાં લાલ મરચાની ભૂકી નાખી દીધી હતી. આંખમાં તીવ્ર બળતરાને કારણે ભોગ બનનાર વ્યક્તિ કંઈ પણ કરી શકે તેવી હાલતમાં નહોતી, જેનો પૂરેપૂરો ફાયદો ઉઠાવીને લૂંટારુઓ કિંમતી સામાન અને રોકડની લૂંટ ચલાવી રફુચક્કર થઈ ગયા હતા. આ ઘટનાએ પોલીસ તંત્રની કામગીરી પર જોરદાર પ્રહાર કર્યો છે. જ્યારે પોલીસ કમિશનર ગુનાખોરી નાબૂદ કરવાના મોટા દાવા કરી રહ્યા છે, ત્યારે રહેણાંક સોસાયટીની અંદર લૂંટારુઓ આટલી આસાનીથી લૂંટ કરી જાય તે પોલીસની નિષ્ફળતા છતી કરે છે. ચતુરભાઈ પાર્ક સોસાયટીના રહીશોમાં આ ઘટના બાદ ભારે રોષ અને ભય જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે જો સોસાયટીની અંદર પણ લોકો સુરક્ષિત નથી, તો બહાર નીકળવું કેવી રીતે? ઘટનાની જાણ થતાં જ વારસિયા પોલીસનો કાફલો અને ઉચ્ચ અધિકારીઓ દોડી આવ્યા હતા. પોલીસે નાકાબંધી કરીને લૂંટારુઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે, પરંતુ અંધારામાં ફરાર થયેલા લૂંટારુઓ હજુ પણ પોલીસ પકડથી દૂર છે. સીસીટીવી કેમેરા હોવા છતાં લૂંટારુઓ બેફામ બની રહ્યા છે તે દર્શાવે છે કે તેમને કાયદાનો કોઈ ડર રહ્યો નથી. વારસિયા વિસ્તારમાં વધતી જતી આવી ગુનાહિત પ્રવૃત્તિઓ રોકવા માટે શું પોલીસ કોઈ કાયમી નિકાલ લાવશે? કે પછી આવી ઘટનાઓ રોજીંદી બની જશે? જનતા અત્યારે પોલીસ પાસે સુરક્ષા અને ન્યાયની આશા રાખી રહી છે.

**વડોદરામાં ગુનેગારો બેફામ બન્યા છે. વારસિયા પોલીસ સ્ટેશનની હદમાં આવેલી ચતુરભાઈ પાર્ક સોસાયટીમાં લૂંટની હચમચાવનારી ઘટના બની છે. લૂંટારુઓએ નિર્દોષ નાગરિકને નિશાન બનાવી તેની આંખમાં મરચાની ભૂકી નાખી દીધી હતી અને મિલકત લૂંટી રફુચક્કર થઈ ગયા હતા. પોલીસના રાત્રિ પેટ્રોલિંગના પોકળ દાવાઓ વચ્ચે રહેણાંક વિસ્તારમાં બનેલી આ ઘટનાએ સુરક્ષા વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે. ભોગ બનનાર વ્યક્તિની હાલત કફોડી થઈ છે, જ્યારે આરોપીઓ પોલીસને ખુલ્લો પડકાર ફેંકી નાસી છૂટવામાં સફળ રહ્યા છે.**

## BCA ચૂંટણી: ઉમેદવારી ફોર્મ મામલે હાઈકોર્ટમાં સુનાવણી




**દૈનિક પલ્સ સમાચાર:** BCA પ્રમુખ પદની ચૂંટણી પૂર્વે ઉમેદવારી પત્ર મુદ્દે કાનૂની જંગ છેડાયો છે. સ્ક્રુટિની વખતે હાજર ન રહી શકનાર ઉમેદવારનું ફોર્મ રદ કરવા સામે હાઈકોર્ટમાં પડકાર ફેંકાયો હતો. આ મામલે બરોડા ક્રિકેટ એસોસિએશને ગુજરાત હાઈકોર્ટને ખાતરી આપી છે કે તેઓ તે ઉમેદવારનું નામાંકન રદ કરશે નહીં. ૧૫ ફેબ્રુઆરીના રોજ યોજાનારી આ હાઈ-પ્રોફાઈલ ચૂંટણીમાં આ નિર્ણયથી હવે નવા રાજકીય સમીકરણો સર્જાય તેવી શક્યતા છે

## 77મો પ્રજાસત્તાક દિવસ: રિવરફ્રન્ટ પર ભવ્ય મિલિટરી બેન્ડ ડિસ્પ્લે




ગુજરાત ૭૭મા પ્રજાસત્તાક દિવસની શાનદાર ઉજવણી માટે સજ્જ છે. રક્ષા મંત્રાલય દ્વારા અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૧૯ થી ૨૫ જાન્યુઆરી દરમિયાન ભવ્ય સૈન્ય બેન્ડ પ્રદર્શન યોજાશે. 'વંદે માતરમ' ગીતના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાનારા આ કાર્યક્રમમાં આર્મી, નેવી, એરફોર્સ અને કોસ્ટ ગાર્ડના બેન્ડ દેશભક્તિના સૂર રેલાવશે. રાજ્યભરમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને પરેડ દ્વારા પ્રજાસત્તાક પર્વની ગરિમામય ઉજવણી કરવામાં આવશે.

## ગોત્રીમાં નશામાં ધૂત કોલેજિયન કાર ચાલકે સર્જ્યો અકસ્માત



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં કાયદો-વ્યવસ્થા જાણે નશાખોરોના પગતળે હોય તેમ ગોત્રી હોસ્પિટલ પાસે એક ૧૮ વર્ષીય નશામાં ધૂત કોલેજિયને રિક્ષાને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયંકર હતો કે કાર પલટી ખાઈ ગઈ હતી. ઈજાગ્રસ્ત રિક્ષાચાલક હોસ્પિટલમાં જિંદગીની જંગ લડી રહ્યો છે, જ્યારે આરોપી કારચાલક ઈશાંત સોની ઘટનાસ્થળે બકબક કરતો ઝડપાયો હતો. બીજી તરફ, અલકાપુરીમાં પણ બેફામ ઇકો કારે ૫ વાહનોનો કચરો કરી નાખ્યો હતો.

# વડોદરા સુરસાગર વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત વગર દબાણ શાખા ત્રાટકી

## વડોદરા: પોલીસ વગર દબાણ હટાવવા જતા સુરસાગરમાં હોબાળો

**દૈનિક પલ્સ સમાચાર:** સુરસાગરમાં પોલીસ વગરની દબાણ ઝુંબેશ ફ્લોપ: લારી ધારકોના રોષ સામે તંત્ર ઘૂંટણિયે, સંકલનના અભાવે સર્જાયો હોબાળો! વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખા તેની વિવાદાસ્પદ કાર્યશૈલીને કારણે ફરી એકવાર ચર્ચામાં આવી છે. શહેરના સુપ્રસિદ્ધ સુરસાગર તળાવ વિસ્તારમાં લારી-ગલ્લા હટાવવાની કામગીરી કરવા ગયેલી ટીમ અને સ્થાનિક લારી ધારકો વચ્ચે આજે ઉગ્ર ઘર્ષણના દ્રશ્યો જોવા મળ્યા હતા. આ સમગ્ર વિવાદનું મુખ્ય કારણ એ હતું કે, દબાણ શાખાની ટીમ પૂરતા પોલીસ બંદોબસ્ત વગર જ આ સંવેદનશીલ વિસ્તારમાં ત્રાટકી હતી.

નિયમ મુજબ, જ્યારે પણ જાહેર રસ્તાઓ કે ફૂટપાથ પરથી દબાણ હટાવવાના હોય ત્યારે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસની હાજરી અનિવાર્ય છે. પરંતુ આજે સુરસાગરમાં દબાણ શાખાના અધિકારીઓએ જાણે કાયદાને ખિસ્સામાં રાખ્યો હોય તેમ પોલીસ વગર જ લારીઓ જપ્ત કરવાનું શરૂ કર્યું. આ જોતા જ રોષે ભરાયેલા લારી ધારકોએ ટીમ પર પસ્તાળ પાડી હતી. લારી ધારકોએ સવાલ ઉઠાવ્યો હતો કે, "પોલીસ વગર તમે કયા હકથી અમારી લારીઓ ઉઠાવો છો?" ઘર્ષણ એટલું ઉગ્ર બન્યું હતું કે બંને પક્ષો વચ્ચે બોલાચાલી અને ઝપાઝપી જેવી સ્થિતિ સર્જાઈ હતી. લારી ધારકોના આક્રોશને કારણે દબાણ શાખાના કર્મચારીઓએ કામગીરી અધવચ્ચે છોડવાની નોબત આવી હતી. સ્થાનિક નાગરિકોના મતે, વડોદરા મનપાના વિવિધ વિભાગો વચ્ચે સંકલનનો ઘોર અભાવ છે. જો પોલીસ સાથે રાખવામાં આવી હોત તો આ પ્રકારની સ્થિતિ ન સર્જાત. એકતરફ શહેરના મેયર અને કમિશનર શહેરને દબાણમુક્ત કરવાની વાતો કરે છે, પણ બીજી તરફ તેમનું જ તંત્ર આવી કાચી અને બિનવ્યાવસાયિક રીતે કામગીરી કરીને ફિયાસ્કો કરી રહ્યું છે. આ ઘટનાને કારણે કલાકો સુધી સુરસાગર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ રહ્યો હતો અને તંત્રની ભારે ફજેતી થઈ હતી.



# હવે ટોલ પર રોકડ નહીં ચાલે, ડિજિટલ પેમેન્ટ ફરજિયાત

**દૈનિક પલ્સ સમાચાર:** હાઈવે પર રોકડના દિવસો પૂરા: સરકારના ડિજિટલ હઠાગ્રહથી વાહનચાલકોમાં ફફડાટ!

કેન્દ્ર સરકાર દેશની માર્ગ પરિવહન વ્યવસ્થાને સંપૂર્ણ ડિજિટલ બનાવવાના નામે વધુ એક મોટો ફેરફાર કરવા જઈ રહી છે. 1 એપ્રિલ, 2026થી દેશના નેશનલ હાઈવે પર આવેલા કોઈ પણ ટોલ પ્લાઝા પર રોકડ રકમ સ્વીકારવામાં આવશે નહીં. માર્ગ પરિવહન મંત્રાલયના સચિવે સ્પષ્ટ કર્યું છે કે હવે માત્ર ફાસ્ટેગ અને યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (UPI) જ ટોલ ચૂકવણી માટેના એકમાત્ર વિકલ્પ રહેશે.

સરકાર ભલે આ નિર્ણયને પારદર્શક અને ઝડપી વ્યવસ્થા ગણાવે, પરંતુ તેની બીજી બાજુ જોતા આ નિર્ણય જોહુકમી જેવો લાગે છે. હજુ પણ દેશમાં મોટો વર્ગ એવો છે જે ડિજિટલ વ્યવહારમાં મુશ્કેલી અનુભવે છે. ઘણીવાર ટોલ પર ફાસ્ટેગ સ્કેનર કામ કરતા નથી હોતા અથવા બેંક સર્વર ડાઉન હોય છે, તેવા સમયે રોકડ વ્યવહાર જ એકમાત્ર સધિયારો રહેતો હતો. હવે જો રોકડ બંધ થશે તો ટેકનિકલ ખામીના સમયે વાહનચાલકોએ કલાકો સુધી અટવાવું પડશે. વળી, ફાસ્ટેગમાં બેલેન્સ હોવા છતાં 'બ્લેકલિસ્ટ' બતાવવાના કિસ્સાઓ પણ અવારનવાર બને છે. સરકાર ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કર્યા વગર રોકડ બંધ કરવાનો નિર્ણય લઈને સામાન્ય જનતાને મુશ્કેલીમાં મૂકી રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



# રાજકોટ મનપાની લાલ આંખ, એક જ દિવસમાં ૩૭૮ મિલકતો સીલ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ મનપાનો રિકવરી 'કોરડો': 378 મિલકતો સીલ કરી 5 કરોડની ઉઘરાણી, હવે હરરાજીની તૈયારી!

રાજકોટ મહાનગરપાલિકાના વેરા વિભાગે આ વર્ષે પોતાનો રિકવરી ટાર્ગેટ પૂરો કરવા માટે બાકીદારો પર રીતસરની તવાઈ બોલાવી છે. ₹454 કરોડના મિલકત વેરાનો લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે તંત્રએ કોઈ પણ પ્રકારની નરમાશ રાખવાનો ઇનકાર કર્યો છે. ગઈકાલે શહેરના તમામ 18 વોર્ડમાં એકસાથે હાથ ધરાયેલી મેગા રિકવરી ડ્રાઈવમાં રહેણાંક અને કોમર્શિયલ એવી કુલ 378 મિલકતોને સીલ મારી દેવાયા છે. તંત્રની આ આક્રમકતા જોઈને બાકીદારોમાં ભારે ગભરાટ ફેલાયો છે.

વેરા વિભાગની ટીમોએ 485 આસામીઓને સીલિંગની બીક બતાવીને સ્થળ પર જ ₹4.92 કરોડનો વેરો વસૂલ કર્યો હતો. મ્યુનિસિપલ કમિશનરે હવે આ ઝુંબેશને વધુ તેજ બનાવવાના આદેશ આપ્યા છે. રાજકોટ મનપાની વેબસાઈટ પર ₹5,000 થી વધુ બાકી રકમ ધરાવતા તમામ મિલકતધારકોની યાદી મૂકી દેવામાં આવી છે. આ યાદીમાં જેમના નામ છે તેમને ચેતવણી આપવામાં આવી છે કે જો સત્વરે નાણાં નહીં ભરાય, તો આગામી સપ્તાહથી જીપીએમસી એક્ટ હેઠળ વધુ કઠોર પગલાં લેવાશે.

તંત્રની આગામી રણનીતિ મુજબ, હવે માત્ર સીલિંગ જ નહીં, પરંતુ બાકીદારોના પાણીના જોડાણો પણ કાપી નાખવામાં આવશે. એટલું જ નહીં, જે લોકો લાંબા સમયથી વેરો ભરતા નથી તેમની મિલકતોની જાહેર હરરાજી કરવાની પણ તંત્રએ તૈયારી કરી લીધી છે. મનપાના આ વલણ સામે શહેરીજનોમાં કચવાટ પણ જોવા મળી રહ્યો છે, કારણ કે પ્રાથમિક સુવિધાઓના અભાવ વચ્ચે રિકવરી માટેની આટલી આક્રમકતા જનતાને ખૂંચી રહી છે. બીજી તરફ, મનપાનું કહેવું છે કે શહેરના વિકાસકાર્યો માટે વેરાની વસૂલાત અનિવાર્ય છે. હાલ તો બાકીદારો પાસે ઓનલાઈન અથવા વોર્ડ ઓફિસ જઈને તાત્કાલિક પેમેન્ટ કરવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



# રાજકોટ: કરોડોનો ખર્ચ છતાં આમ્રપાલી અંડરબ્રિજમાં રેલમછેલ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટના આમ્રપાલી અંડરબ્રિજમાં પાણી ભરાવાની કાયમી સમસ્યા તંત્રની નિષ્ફળતાનું જીવંત ઉદાહરણ બની છે. વાહનચાલકોની સુવિધા માટે બનાવેલો આ અંડરબ્રિજ હવે દુવિધાનો પર્યાય બની ગયો છે. તાજેતરમાં તંત્ર દ્વારા બંને બાજુ નાની પાળીઓ બનાવી સમસ્યા નિવારવાનો દાવો કરાયો હતો, પરંતુ આ દાવો પ્રથમ વરસાદે જ ધોવાઈ ગયો છે. હાલ અંડરબ્રિજમાં પાણીની રેલમછેલ સર્જાતા ટુ-વ્હીલર અને કાર ચાલકોને જીવના જોખમે પસાર થવું પડે છે.

સ્થાનિકોમાં ભારે રોષ છે કે તંત્ર માત્ર VIP મુલાકાતો વખતે જ સક્રિય થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રાજકોટ મુલાકાત પૂર્વે જે આયોજન અને સજાવટ જોવા મળી હતી, તે સામાન્ય જનતાના પ્રશ્નો ઉકેલવામાં કેમ ગાયબ છે? લાખો રૂપિયાના ટેન્ડરો પાસ કરીને પણ જો પરિણામ શૂન્ય હોય, તો કામગીરીની ગુણવત્તા સામે સવાલ ઉઠવો સ્વાભાવિક છે. શું મનપાના એન્જિનિયરો માત્ર કાગળ પર જ આયોજન કરે છે? આમ્રપાલી અંડરબ્રિજની આ હાલત મનપાના અણઘડ વહીવટની ચાડી ખાય છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



# અંકલેશ્વર: શિક્ષકોની આરપારની લડાઈ, BLO મુક્તિની માંગ

**દૈનિક પલ્સ સમાચાર:** શિક્ષણ કે ચૂંટણી? અંકલેશ્વરમાં BLO ડ્યુટીના બોજ હેઠળ શિક્ષકોનો મરો: SDM ને ધારદાર રજૂઆત!

અંકલેશ્વરના શૈક્ષણિક જગતમાં અત્યારે ભારે અજંપો પ્રવર્તી રહ્યો છે. વહીવટી તંત્ર દ્વારા શિક્ષકોને બુથ લેવલ ઓફિસર (BLO) ની વધારાની જવાબદારી સોંપી દેવાઈ છે, પણ વળતરમાં માત્ર માનસિક તણાવ મળી રહ્યો છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે આ મુદ્દે રણશિંગુ ફૂંકતા અંકલેશ્વર SDM ને આવેદનપત્ર આપી તંત્રની કાર્યપદ્ધતિ પર આકરા પ્રહારો કર્યા છે.

રજૂઆતમાં આક્ષેપ કરાયો છે કે, મતદારયાદી સુધારણા કાર્યક્રમ (SIR) ની સમયમર્યાદા અત્યંત ટૂંકી છે, છતાં શિક્ષકોને શૈક્ષણિક કાર્યમાંથી મુક્તિ અપાઈ નથી. આ 'ડબલ ડ્યુટી' ને કારણે શિક્ષકો ન તો સરખી રીતે ભણાવી શકે છે, ન તો ચૂંટણીનું કામ સમયસર પૂર્ણ કરી શકે છે. મહાસંઘે સવાલ કર્યો છે કે, જો મતદારયાદીમાં ભૂલ રહી જશે તો શું તંત્ર તેની જવાબદારી લેશે? શિક્ષકોને અન્ય વહીવટી બોજમાંથી પણ તાત્કાલિક મુક્ત કરી તેમને 'ફુલ ટાઈમ' BLO ની કામગીરી સોંપવી જોઈએ જેથી શિક્ષણ કાર્ય ન બગડે. તંત્રની આ તાનાશાહી સામે શિક્ષકોમાં ભારે રોષ છે. જો સત્વરે ઉકેલ નહીં આવે તો શિક્ષક સંગઠનો આરપારની લડાઈ લડવા મજબૂર બનશે, જેની સીધી અસર આવનારી ચૂંટણી પ્રક્રિયા પર પડી શકે છે.



# જંબુસર એસટી ડેપો ગંદકીમાં ગરકાવ, મુસાફરો ગટરના પાણીમાં પરેશાન

**દૈનિક પલ્સ સમાચાર:** જંબુસર એસટી ડેપો કે નરકનું દ્વાર? ગટરના પાણીમાં મુસાફરોની હાલાકી સામે તંત્રની ઘોર નિદ્રા!

જંબુસરના આધુનિક એસટી બસ સ્ટેશનની હાલત જોઈને કોઈ પણ વ્યક્તિનું લોહી ઉકળી ઉઠે તેવી સ્થિતિ સર્જાઈ છે. જે ડેપોને મુસાફરોની સુવિધા માટે કરોડોના ખર્ચે બનાવવામાં આવ્યો હતો, તે આજે તંત્રની ગુનાહિત બેદરકારીનો ભોગ બન્યો છે. ડેપોના તમામ પ્લેટફોર્મ પર ગટરના ગંદા પાણી ઉભરાઈને ફરી વળ્યા છે. ગંદકીના આ સામ્રાજ્યમાં બસ પકડવી એટલે કોઈ ભયાનક આફત નોતરવા જેવી સ્થિતિ બની છે. ડેપોના મેનેજમેન્ટ અને એન્જિનિયરિંગ વિભાગની નિષ્ફળતા અહીં સ્પષ્ટ દેખાય છે. વર્ષ 2000માં જ્યારે આ ડેપોનું નિર્માણ થયું ત્યારે જ ગટરના પાણીના નિકાલ માટે કોઈ કાયમી ધોરણે આયોજન કરવામાં આવ્યું ન હતું. પરિણામે, આજે પરિસ્થિતિ એવી છે કે ભરશિયાળે પણ મુસાફરોએ ગંદા પાણીમાંથી પસાર થઈને મુસાફરી કરવી પડે છે. દુર્ગંધ એટલી તીવ્ર છે કે પ્લેટફોર્મ પર પાંચ મિનિટ ઉભા રહેવું પણ મુશ્કેલ છે. આ દૂષિત પાણીને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી ભીતિ સેવાઈ રહી છે. વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ અને દર્દીઓ જેમને રોજેરોજ અહીંથી અવરજવર કરવાની હોય છે, તેમની પીડા સમજવાવાળું કોઈ નથી. એસટી નિગમના અધિકારીઓ એસી ઓફિસમાં બેસીને વિકાસના ગપ્પા મારે છે, જ્યારે જંબુસરની જનતા ગટરના પાણીમાં ડૂબકી લગાવવા મજબૂર છે. તંત્રની આ નબળી નીતિ અને આંખ આડા કાન કરવાની વૃત્તિ સામે સ્થાનિકોમાં ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે. જનતાના ટેક્સના પૈસાનો આવો દુરૂપયોગ અને મુસાફરોની સુરક્ષા સાથે આવા ચેડાં ક્યાં સુધી ચાલશે? જંબુસરની જનતા હવે ત્વરિત ઉકેલ અને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી રહી છે.

**રિપોર્ટ : કેતન મહેતા**



**જંબુસર એસટી ડેપોમાં ગટરના પાણી ઉભરાતા મુસાફરો પરેશાન. તંત્રની ઘોર ઉપેક્ષાને કારણે બસ સ્ટેન્ડ બન્યું ગંદકીનું સામ્રાજ્ય.**

# અંકલેશ્વર: રેલવે દુર્ઘટના સમયે બચાવ કામગીરીની મોકડ્રિલ યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** રેલવેની સુરક્ષા સજ્જતાની કસોટી: અંકલેશ્વર રેલવે યાર્ડમાં આપત્તિ વ્યવસ્થાપનની સફળ મોકડ્રિલ સંપન્ન!

અંકલેશ્વર રેલવે યાર્ડમાં આજે આકસ્મિક રેલ દુર્ઘટના સમયે તંત્રની સજ્જતા ચકાસવા માટે પૂર્વનિર્ધારિત મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં ટ્રેનના ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હોવાની ખબરથી ભારે અફરાતફરી મચી હતી, પરંતુ ત્યારબાદ રેલવે પ્રશાસન દ્વારા આ એક નિયમિત સુરક્ષા કવાયત હોવાની જાહેરાત કરાઈ હતી.

આ મોકડ્રિલમાં રેલવેના ટેકનિકલ વિભાગ, રેલવે સુરક્ષા દળ અને સ્થાનિક ફાયર વિભાગના જવાનોએ સંયુક્ત રીતે ભાગ લીધો હતો. રેલવેના ઉચ્ચ અધિકારીઓની સીધી દેખરેખ હેઠળ યોજાયેલી આ પ્રેક્ટિસમાં ટ્રેન પાટા પરથી ઉતરે ત્યારે થતા જાન-માલના નુકસાનને કેવી રીતે ન્યૂનતમ રાખવું તે અંગે પ્રાયોગિક નિદર્શન કરાયું હતું. અંકલેશ્વર અને પાનોલીના ફાયર ફાઈટરોએ પણ આગ બુઝાવવાની કામગીરીમાં ત્વરિત પ્રતિસાદ આપી પોતાની ક્ષમતા પુરવાર કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આવી મોકડ્રિલથી વાસ્તવિક કટોકટી સમયે વિવિધ વિભાગો વચ્ચેનું સંકલન વધુ ચોક્કસ બને છે અને બચાવ કામગીરી ઝડપી બને છે. મુસાફરોની સુરક્ષા માટે રેલવે તંત્ર હંમેશા સજ્જ હોવાનો સંદેશ આ કવાયત દ્વારા આપવામાં આવ્યો હતો. તંત્રની આ આગોતરી તૈયારીને સ્થાનિકોએ પણ હકારાત્મક રીતે વધાવી લીધી હતી. **રિપોર્ટ : કેતન મહેતા**



# અંકલેશ્વર: 130 કિલો ગૌમાંસ સાથે 3 ઝડપાયા, VHP એ પોલીસને બિરદાવી

**દૈનિક પલ્સ સમાચાર**: અંકલેશ્વર પોલીસનું ગૌરવપૂર્ણ અભિયાન: કાગદીવાડમાં ગૌમાંસનો પર્દાફાશ કરી જીત્યા જનતાના દિલ! અંકલેશ્વર શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે 'એ' ડિવિઝન પોલીસની સક્રિયતા આજે ફરી એકવાર સાબિત થઈ છે. કાગદીવાડ જેવા ગીચ વિસ્તારમાં ગુપ્ત રીતે ચાલતા ગૌમાંસના વેચાણના મોટા રેકેટને પોલીસે બાતમીના આધારે તોડી પાડ્યું છે. પી.આઈ. પી.જી. ચાવડા અને તેમની ટીમે દુધિયાપીર દરગાહ પાસેના એક રહેણાંક મકાનમાં દરોડો પાડીને 130 કિલો જેટલું ગૌમાંસ ઝડપી લીધું હતું. આ ઓપરેશનમાં પોલીસે અબ્દુલ રઝાક કુરેશી, સાહિદ કુરેશી અને કિશોર નામના ત્રણ શખ્સોને સ્થળ પરથી દબોચી લીધા હતા. પોલીસે ઘટનાસ્થળેથી કતલ માટે વપરાતા હથિયારો, ઇલેક્ટ્રોનિક વજન કાંટો અને માસની હેરફેર માટે વપરાતી રીક્ષા તથા મોપેડ સહિત કુલ ₹85,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ગૌવંશની સુરક્ષા માટે સરકારની કટિબદ્ધતાને જમીની સ્તરે ઉતારવાની આ પોલીસની કામગીરીને વિશ્વ હિન્દુ પરિષદ (VHP) દ્વારા ઉમળકાભેર વધાવી લેવામાં આવી હતી. વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનોએ આજે 'એ' ડિવિઝન પોલીસ મથકની મુલાકાત લઈ સમગ્ર ડી-સ્ટાફનું જાહેર સન્માન કર્યું હતું. પી.આઈ. ચાવડાને પુષ્પગુચ્છ અર્પણ કરી ટીમના જુસ્સાને વધારવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિહિપના હોદ્દેદારોએ જણાવ્યું કે, પોલીસની આવી સજાગતાને કારણે જ ધાર્મિક લાગણીઓ દુભાતી અટકે છે અને શાંતિ જળવાય છે. આ સન્માન માત્ર પોલીસનું નહીં પણ સત્ય અને કાયદાના રક્ષકોનું સન્માન છે. બીજી તરફ, પોલીસે પશુ સંરક્ષણ સુધારા ધારાની કડક કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે જેથી આ ગુનાહિત પ્રવૃત્તિના મૂળ સુધી પહોંચી શકાય. પોલીસ અને જનતા વચ્ચેના સંકલનનું આ ઉત્તમ ઉદાહરણ અંકલેશ્વરમાં ચર્ચાનો વિષય બન્યું



**અંકલેશ્વર 'એ' ડિવિઝન પોલીસે કાગદીવાડમાં દરોડો પાડી 130 કિલો ગૌમાંસ સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસની આ પ્રશંસનીય કામગીરીને બિરદાવતા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પી.આઈ. પી.જી. ચાવડા અને તેમની ટીમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.**

**રિપોર્ટ : કેતન મહેતા**

# વીડિયોકોન કંપનીમાં ચોરી કરનાર ત્રણ શખ્સો કિંમતી ટીવી સાથે ઝડપાયા

## ભરૂચ: 6 LED TV ની ચોરી કરનાર ત્રણ શખ્સો જેલભેગા

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચમાં ખળભળાટ: ચાવજની વીડિયોકોન કંપનીમાં તસ્કરોની 'સર્જિકલ સ્ટ્રાઈક', ₹4.10 લાખનો મુદ્દામાલ જપ્ત! ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેટલી કથળી છે તેનું ઉદાહરણ ચાવજની વીડિયોકોન કંપનીમાં થયેલી ચોરી પરથી મળે છે. રીઢા તસ્કરોએ કંપનીની સુરક્ષા વ્યવસ્થાના લીરેલીરા ઉડાવી દીધા છે. જોકે, એલ.સી.બી.ની ટીમે અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ પાસેથી ઈકો ગાડીમાં ચોરીના મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે, પરંતુ આ સમગ્ર ઘટનાક્રમ પોલીસ પેટ્રોલિંગ અને કંપનીઓની સિક્યુરિટી પર અનેક ગંભીર સવાલો ઉભા કરે છે. બાતમીના આધારે જ્યારે પોલીસે શંકાસ્પદ ઈકો ગાડીને રોકી ત્યારે તેમાં સવાર અમિત ઉર્ફે ઇમલો વસાવા, અક્ષય વસાવા અને સુનીલ વસાવા ગભરાઈ ગયા હતા. ગાડીની અંદર સફેદ ચાદરમાં લપેટેલા 6 LED TV છુપાવેલા હતા. પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓએ પાંચ દિવસ પહેલા રાત્રિના સમયે વીડિયોકોન કંપનીમાં ઘૂસીને આ કિંમતી ટીવીની ચોરી કરી હતી. પોલીસે ચોરીમાં વપરાયેલી ગાડી, મોબાઈલ અને ટીવી મળી કુલ ₹4,10,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ચોંકાવનારી વાત એ છે કે આ ટોળકીના બે સાગરીતો, દીપક અને મીસુ વસાવા, હજુ પણ પોલીસ પકડથી બહાર છે. પાંચ દિવસ સુધી કંપનીને ચોરીની જાણ થઈ કે કેમ અને પોલીસે અત્યાર સુધી શું કર્યું તે એક રહસ્ય છે. વારંવાર ઔદ્યોગિક વસાહતોમાં આવી ઘરફોડ ચોરીઓ થાય છે, જેનાથી ઉદ્યોગકારોમાં ફફડાટ છે. પોલીસ માત્ર આરોપીઓને પકડીને સંતોષ માની રહી છે, પરંતુ ગુનાખોરી અટકાવવામાં નિષ્ફળ રહી હોય તેવું સ્પષ્ટ દેખાય છે. હાલ આ કેસની વધુ તપાસ ભરૂચ 'સી' ડિવિઝન પોલીસને સોંપવામાં આવી છે. શું બાકીના આરોપીઓ ઝડપાશે કે પછી આ કેસ પણ અન્ય વણઉકેલ્યા ગુનાઓની યાદીમાં જશે?

**રિપોર્ટ : કેતન મહેતા**



**ભરૂચ એલ.સી.બી.એ ચાવજ વીડિયોકોન કંપનીમાં ચોરી કરનાર 3 શખ્સોને 6 LED TV અને ઈકો ગાડી સાથે ઝડપ્યા. ₹4.10 લાખનો મુદ્દામાલ જપ્ત.**

# ભરૂચ SOG: જિલ્લામાં પ્રથમવાર હેરોઈનનો મોટો જથ્થો પકડાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચમાં ડ્રગ્સ માફિયાઓનો આતંક: એસ.ઓ.જી. એ પ્રથમવાર ઝડપ્યું ₹11 લાખનું હેરોઈન! ભરૂચ જિલ્લામાં નશાનો કારોબાર કેટલી હદે વિસ્તર્યો છે તેનો પુરાવો એસ.ઓ.જી. ની તાજેતરની કાર્યવાહીમાં મળ્યો છે. જિલ્લામાં સૌ પ્રથમ વખત હેરોઈન જેવો અત્યંત કિંમતી અને ઘાતક નશીલો પદાર્થ પકડાતા પોલીસ તંત્ર પણ હચમચી ગયું છે. વડોદરા વિભાગના આઈજી અને ભરૂચ એસપીની કડક સૂચના બાદ એસ.ઓ.જી. સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે અંકલેશ્વર વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. આ રેડમાં 58.11 ગ્રામ હેરોઈન સાથે રાકેશકુમાર મંડલ અને દીપકકુમાર સિંગને ઝડપી પાડવામાં આવ્યા છે. આ બંને ઈસમોનો ગુનાહિત ઈતિહાસ અત્યંત ડરામણો છે, કારણ કે તેઓ અગાઉ અંકલેશ્વરની યુનિયન બેંકમાં થયેલી સશસ્ત્ર લૂંટમાં પણ જેલની હવા ખાઈ ચૂક્યા છે. જેલમાંથી છૂટ્યા બાદ આ શખ્સોએ લૂંટને બદલે હવે યુવાધનને બરબાદ કરવા માટે ડ્રગ્સની હેરાફેરીનો માર્ગ અપનાવ્યો હોય તેમ જણાય છે. પોલીસે ₹11.62 લાખના ડ્રગ્સ સાથે મોબાઈલ અને રેલ્વે ટિકિટો જેવો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ હેરોઈન ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને ભરૂચમાં કોને સપ્લાય કરવાનું હતું તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ભરૂચ જેવા ઔદ્યોગિક હબમાં હેરોઈનનું વેચાણ ચિંતાજનક સ્તરે પહોંચ્યું હોવાનું આ ઘટના પરથી પ્રતીત થાય છે.

**રિપોર્ટ : શૈલેષ સોલંકી**



# પૂર્વ ચેરમેન રેવાભાઈ પર જીવલેણ હુમલો, કરોડરજ્જુમાં ગંભીર ઈજા થઈ

**દૈનિક પલ્સ સમાચાર:** સમાજ સેવક પર અમાનવીય પ્રહાર: પૂર્વ ચેરમેન રેવાભાઇ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે, ગુનેગારો બેફામ! સાબરકાંઠા અને અરવલ્લીમાં ગુનેગારોની હિંમત એટલી હદે વધી ગઈ છે કે હવે તેઓ પ્રતિષ્ઠિત સામાજિક અગ્રણીઓને પણ નિશાન બનાવતા ખચકાતા નથી. સામાજિક ન્યાય સમિતિના પૂર્વ ચેરમેન શ્રી રેવાભાઇ પર થયેલા જીવલેણ હુમલાએ રાજ્યની સુરક્ષા વ્યવસ્થાના લીરેલીરા ઉડાડી દીધા છે. ગત ૧૪ તારીખની સાંજે બનેલી આ ઘટનાએ માનવતાને શરમાવી દીધી છે. રેવાભાઇ જ્યારે જેઠુલા માંડલીથી પોતાના નિવાસસ્થાને પરત ફરી રહ્યા હતા, ત્યારે માર્ગમાં રસ્તાની બાજુમાં ઉભા રહેલા તેમને અજાણ્યા હુમલાખોરોએ પાછળથી કાયરની જેમ હુમલો કરી પછાડી દીધા હતા. આ હુમલો એટલો ગંભીર હતો કે રેવાભાઇને કમરના ભાગે અસહ્ય ઈજા પહોંચી છે. એક્સ-રે અને સ્કેનિંગના રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે તેમની સ્પાઇનનો ભાગ ક્રેક થઈ ગયો છે. હાલ તેઓ મોડાસાની હોસ્પિટલમાં દાખલ છે અને તબીબોના જણાવ્યા મુજબ તેમની સર્જરી કરવી અત્યંત અનિવાર્ય બની છે. પ્રશ્ન એ થાય છે કે જે વ્યક્તિએ પોતાનું આખું જીવન ગરીબો અને વંચિતોને ન્યાય અપાવવામાં ખર્ચી નાખ્યું, તેના પર જ આવો અમાનવીય હુમલો કેમ? શું આ હુમલો કોઈ પૂર્વ આયોજિત કાવતરું છે? આ ઘટના બાદ પોલીસની કામગીરી પર પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે. હુમલાના દિવસો વીતવા છતાં હજુ સુધી અજાણ્યા શખ્સો પોલીસ પકડથી દૂર છે. સોશિયલ મીડિયા અને રાજકીય વર્તુળોમાં આ હુમલાની તીવ્ર નિંદા કરવામાં આવી રહી છે. પ્રજામાં એવી લાગણી છે કે જો તંત્ર આવા ગંભીર મામલે ઢીલી નીતિ અપનાવશે તો ગુનેગારોના હોંસલા વધુ બુલંદ થશે. રેવાભાઇના પરિવાર અને સમર્થકોએ ન્યાયની માંગણી કરી છે. હવે જોવાનું એ રહે છે કે પોલીસ આ કાયર હુમલાખોરોને ક્યારે જેલના સળિયા પાછળ ધકેલે છે.

**રિપોર્ટ : પાર્થ પટેલ**



# ભરૂચ LCB: હાંસોટના ચાર ગુનામાં વોન્ટેડ બિલાલ શાહ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લામાં નાસતા-ફરતા અને વોન્ટેડ આરોપીઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. આઈજીપી સંદીપ સિંહ અને એસપી અક્ષય રાજની સૂચનાથી એલ.સી.બી.ની ટીમો સક્રિય થઈ છે. જે અંતર્ગત એલ.સી.બી.ના પી.આઈ. એમ.પી.વાળાએ તમામ પોલીસ સ્ટેશનના વોન્ટેડ આરોપીઓની યાદી તૈયાર કરી ટીમોને કામે લગાડી હતી. ગઈકાલે પી.એસ.આઈ. આર.કે.ટોરાણી અને તેમની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે બાતમી મળી હતી કે હાંસોટના બાઈક ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપી બિલાલ અહેમદ શાહ અંકલેશ્વર કોર્ટ પાસે ઉભો છે. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી બાતમી મુજબના વર્ણનવાળા બિલાલ શાહ (ઉ.વ. ૩૨) ને કોર્ટ પરિસર નજીકથી દબોચી લીધો હતો. પકડાયેલ આરોપી મૂળ ઉત્તર પ્રદેશનો છે અને હાંસોટના બાઈક ચોરીના ચાર ગુનાઓમાં લાંબા સમયથી પોલીસને થાપ આપી રહ્યો હતો. આ ધરપકડથી વાહન ચોરીના અન્ય ભેદ ઉકેલાવાની પણ શક્યતા છે.

**રિપોર્ટ : શૈલેષ સોલંકી , કેતન મહેતા**



**ભરૂચ એલ.સી.બી.એ અંકલેશ્વર કોર્ટ પાસેથી હાંસોટ પોલીસ મથકના બાઈક ચોરીના ચાર ગુનામાં નાસતા ફરતા આરોપી બિલાલ શાહને દબોચ્યો.**



**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# ધાનપુરના શિક્ષક પ્રતાપસિંહ મૈડા પૂજ્ય મોરારીબાપુના હસ્તે સન્માનિત થયા

**દૈનિક પલ્સ સમાચાર:** તલગાજરડામાં ગાજ્યું દાહોદનું નામ: શિક્ષક પ્રતાપસિંહ મૈડા પૂજ્ય મોરારીબાપુના હસ્તે 'ચિત્રકૂટ એવોર્ડ'થી વિભૂષિત! આધ્યાત્મિકતા અને શિક્ષણના સંગમ સમાન ભાવનગરના તલગાજરડા ખાતે આજે મકરસંક્રાંતિના શુભ દિવસે એક ભવ્ય એવોર્ડ સમારોહ યોજાયો હતો. જેમાં દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાની સુરાડુંગરી ફળિયા પ્રાથમિક શાળાના આસિસ્ટન્ટ શિક્ષક શ્રી પ્રતાપસિંહ મૈડાને વર્ષ 2025નો પ્રતિષ્ઠિત "ચિત્રકૂટ એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો છે. પરમ પૂજ્ય મોરારીબાપુના પાવન હસ્તે આ સન્માન મેળવી શ્રી મૈડાએ સમગ્ર શિક્ષણ જગતનું ગૌરવ વધાર્યું છે. આ પ્રસંગે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને પૂજ્ય સીતારામબાપુએ પણ હાજર રહી શિક્ષકોની રાષ્ટ્ર નિર્માણમાં ભૂમિકાને બિરદાવી હતી. એવોર્ડમાં ₹25,000નો રોકડ પુરસ્કાર, શાલ, રામનામી અને સન્માનપત્રનો સમાવેશ થાય છે. પ્રતાપસિંહ મૈડા છેલ્લા 26 વર્ષથી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છે. તેમણે બાળકોમાં સંસ્કારોનું સિંચન કરવા ઉપરાંત કલા-કૌશલ્ય વિકાસ અને સામાજિક કુરિવાજો દૂર કરવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. નવી શિક્ષણ નીતિના સુચારૂ અમલીકરણ અને બહુભાષી શિક્ષણ પદ્ધતિમાં તેમના પ્રશંસનીય કાર્યોની નોંધ લઈ આ પસંદગી કરવામાં આવી હતી. આ સિદ્ધિ બદલ દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ અને સામાજિક અગ્રણીઓ દ્વારા ચોતરફથી શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ ચૌહાણ**



**દાહોદ જિલ્લાના ધાનપુરના શિક્ષક શ્રી પ્રતાપસિંહ મૈડાને તલગાજરડા ખાતે પૂજ્ય મોરારીબાપુના હસ્તે પ્રતિષ્ઠિત "ચિત્રકૂટ એવોર્ડ"થી સન્માનિત કરવામાં આવ્યા છે. શિક્ષણ અને સમાજસેવા ક્ષેત્રે તેમના 26 વર્ષના બહુમૂલ્ય પ્રદાન બદલ આ ગૌરવશાળી સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.**

# ભરૂચ: નબીપુરમાં DGVCLનું વ્યાપક વીજ ચેકિંગ, લોકોમાં ફફડાટ

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ: નબીપુરમાં DGVCLની વ્યાપક કાર્યવાહી, વહેલી પરોઢે 20 ટીમોના દરોડાથી વીજ ચોરોમાં ફફડાટ! ભરૂચના નબીપુર ગામે આજે વહેલી સવારે DGVCLની ટીમોએ જે રીતે દરોડા પાડ્યા, તેણે આખા પંથકમાં ભયનું વાતાવરણ ઉભું કર્યું છે. જ્યારે લોકો મીઠી નિંદ્રા માણી રહ્યા હતા, ત્યારે જ સરકારી ગાડીઓના કાફલાએ ગામમાં પ્રવેશ કર્યો હતો. અંદાજે 20 જેટલી ટીમોએ જુદા જુદા વિસ્તારોમાં વહેંચાઈ જઈને વીજ મીટરોની તપાસ શરૂ કરી હતી. 300 જેટલા જોડાણોમાં થયેલી આ તપાસમાં પોલીસ બંદોબસ્ત પણ એટલો જ કડક રાખવામાં આવ્યો હતો. આ કાર્યવાહી એટલી આકસ્મિક હતી કે ગેરરીતિ કરનારાઓને સાધન-સામગ્રી છુપાવવાનો સમય પણ મળ્યો ન હતો. DGVCLના અધિકારીઓએ હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન કે દંડની રકમ જાહેર કરી નથી, જેનાથી શંકા જન્મે છે કે શું તપાસમાં મોટી ગેરરીતિઓ સામે આવી છે? નબીપુર જેવા ગ્રામીણ વિસ્તારોમાં વીજ ચોરી એક મોટો પડકાર બની છે, અને આજની આ કાર્યવાહી તંત્ર દ્વારા આપવામાં આવેલો કડક સંદેશ હોવાનું મનાય છે. નિયમિત વીજ બિલ ભરનારા લોકોએ આ પગલાંને આવકાર્યું છે, પણ ગેરરીતિ કરનારાઓ હવે મોટા દંડની બીકે ચિંતામાં મુકાયા છે. શું આ કાર્યવાહી માત્ર એક દિવસ પૂરતી છે કે હવે ભરૂચના અન્ય ગામોમાં પણ આવી તપાસ થશે? તે મોટો સવાલ છે.

**રિપોર્ટ : શૈલેષ સોલંકી**

**ભરૂચના નબીપુરમાં વહેલી પરોઢે DGVCLની 20 ટીમોનો કાફલો પોલીસ બંદોબસ્ત સાથે ત્રાટક્યો હતો. 300 જેટલા વીજ જોડાણો ફેંદી નાખતા વીજ ચોરોમાં ફફડાટ વ્યાપ્યો છે, જોકે આ કાર્યવાહીના સત્તાવાર પરિણામો હજુ સુધી ગુપ્ત રાખવામાં આવ્યા છે.**

# અંકલેશ્વર: 50 હજારની માંગણીના ઓડિયો બોમ્બથી રાજકારણ ગરમાયું

**દૈનિક પલ્સ સમાચાર:** અંકલેશ્વર પાલિકામાં 'ઓડિયો બોમ્બ': મજૂરોના પરસેવામાં ભાગ માંગતા શાસકોના લીધે પાલિકાની છબી ખરડાઈ! અંકલેશ્વર નગરપાલિકામાં ભ્રષ્ટાચારના આક્ષેપો હવે સીમા વટાવી રહ્યા છે. તાજેતરમાં વાયરલ થયેલી પાલિકા પ્રમુખની કથિત ઓડિયો ક્લિપે પાલિકાના ભ્રષ્ટ વહીવટના પાયા હચમચાવી દીધા છે. આ ક્લિપમાં સફાઈ કોન્ટ્રાક્ટર પાસે જે રીતે ₹50 હજારની સરેઆમ માંગણી કરવામાં આવી રહી છે, તે જોતા લાગે છે કે પાલિકામાં કોઈ પણ કામ 'વહીવટ' વગર શક્ય નથી. આ ઓડિયો ક્લિપ વાયરલ થતા જ અંકલેશ્વરના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને શાસક પક્ષ બેકફૂટ પર આવી ગયો છે. સફાઈ કામગીરી જેવી પાયાની સુવિધામાં પણ જો લાંચની માંગણી થતી હોય, તો શહેરના મોટા પ્રોજેક્ટ્સમાં કેટલી મલાઈ ખાવામાં આવતી હશે તે કલ્પનાની બહાર છે. વિપક્ષી નેતાઓએ આક્રમક તેવર અપનાવતા કહ્યું છે કે, આ માત્ર એક ક્લિપ છે, હકીકતમાં પાલિકાના દરેક ટેન્ડર અને કોન્ટ્રાક્ટમાં કમિશન પ્રથા ધમધમી રહી છે. આક્ષેપ છે કે કોન્ટ્રાક્ટરોને ડરાવી-ધમકાવીને અથવા બિલ અટકાવીને તેમની પાસે નાણાં ખંખેરવામાં આવે છે. આ ઓડિયો ક્લિપમાં જે અવાજ છે તે પ્રમુખનો જ છે કે કેમ તેની ફોરેન્સિક તપાસ થવી જોઈએ તેવી માંગણી પ્રબળ બની છે. ઔદ્યોગિક નગરીની જનતા ટેક્સ ભરે છે અને બદલામાં તેમને ભ્રષ્ટ વહીવટ મળે છે, તે દુર્ભાગ્યપૂર્ણ છે. શાસક પક્ષના પ્રાદેશિક નેતાઓએ પણ આ મામલે મૌન સેવ્યું છે, જે શંકા પ્રેરે છે. શું ભાજપ હાઈકમાન્ડ આ કથિત ભ્રષ્ટાચાર સામે કોઈ કડક પગલાં લેશે કે પછી દર વખતની જેમ મામલો થાળે પાડી દેવામાં આવશે? અંકલેશ્વરની જનતા હવે આ 'ઓડિયો બોમ્બ' ના અંજામની રાહ જોઈ રહી છે. **રિપોર્ટ : શૈલેષ સોલંકી**


અંકલેશ્વર નગર સેવાસદન, અંકલેશ્વર.

Email : np_ankleshwar@yahoo.com.in

**અંકલેશ્વર પાલિકા પ્રમુખની કથિત ઓડિયો ક્લિપ વાયરલ. સફાઈ કોન્ટ્રાક્ટર પાસે 50 હજારની માંગણીના આક્ષેપથી ભ્રષ્ટાચારનો પર્દાફાશ.**

# ડાકોર: રણછોડરાયજીના આશીર્વાદ સાથે યુવા સંકલ્પ ગ્રુપની શરૂઆત

## ઠાસરા-ગળતેશ્વરના યુવાનોએ ડાકોર મંદિરે ધ્વજા ચઢાવી યુવા સંકલ્પ ગ્રુપ શરૂ કર્યું

**દૈનિક પલ્સ સમાચાર:** રણછોડરાયના શરણમાં યુવા શક્તિનો સંકલ્પ: ઠાસરા-ગળતેશ્વરમાં સેવાકીય ક્રાંતિ લાવશે 'યુવા સંકલ્પ ગ્રુપ'! યાત્રાધામ ડાકોરમાં રણછોડરાયજીના મંદિરે આજે એક નૂતન સેવા સંસ્થાનો ઉદય થયો છે. ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના યુવાનોએ એકઠા થઈને 'યુવા સંકલ્પ ગ્રુપ'ની શરૂઆત કરી છે. આ પ્રારંભ માત્ર સામાજિક નહીં પણ આધ્યાત્મિક રીતે કરવામાં આવ્યો હતો, જ્યાં યુવાનોએ મંદિર પર ધ્વજા ચઢાવી રાજા રણછોડના આશીર્વાદ મેળવ્યા હતા. આ સંસ્થા આગામી દિવસોમાં ગરીબોની સેવા, પર્યાવરણ જાળવણી અને સામાજિક એકતા માટે કાર્યરત રહેશે. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે સંત શિરોમણી દાદુરામ મહારાજ મંદિરના ગાદીપતિ પૂજ્ય દયારામજી મહારાજ અને ભરત ભુવનના કરણદાસજી મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંતોએ યુવાનોને આશીર્વચન આપતા જણાવ્યું હતું કે, યુવાનીનો જોશ જ્યારે સેવાની દિશામાં વળે છે ત્યારે રાષ્ટ્ર નિર્માણ થાય છે. રાજકીય ક્ષેત્રે પણ આ પહેલને વ્યાપક સમર્થન મળ્યું છે. ઠાસરાના ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમારે યુવાનોની આ હિંમતને બિરદાવતા કહ્યું હતું કે, "યુવાનો સમાજનું ભવિષ્ય છે અને તેઓ જ્યારે જવાબદારી સ્વીકારે છે ત્યારે પરિવર્તન ચોક્કસ આવે છે."

આ પ્રસંગે ખેડા જિલ્લા મંત્રી લક્ષ્મણસિંહ પરમાર, ઠાસરા તાલુકા પંચાયત પ્રમુખ ભૂપતસિંહ ડાભી, અને જિલ્લા પંચાયત સભ્ય નાગપાલસિંહ તથા દીપસિંહ રાઠોડ જેવા અગ્રણીઓએ યુવાનોને સંગઠનાત્મક મજબૂતી માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. યુવા સંકલ્પ ગ્રુપના સભ્યોએ એકસૂરે સંકલ્પ કર્યો હતો કે તેઓ પક્ષપાત વિના માત્ર માનવતાના ધોરણે લોકસેવાના કાર્યો કરશે. ડાકોર મંદિરના આંગણેથી લેવાયેલો આ સંકલ્પ ઠાસરા અને ગળતેશ્વર પંથકના અનેક જરૂરિયાતમંદ પરિવારો માટે આશાનું કિરણ બનશે. આ કાર્યક્રમથી સમગ્ર વિસ્તારમાં યુવા શક્તિ અને સામાજિક દાયિત્વનો સકારાત્મક સંદેશ વહેતો થયો છે. **રિપોર્ટ : હસમુખ નાયક**



# ભાજપ વિજય ઉત્સવ નડિયાદ

## નડિયાદ: ખેડા જિલ્લા ભાજપ દ્વારા વિજયાદશમી જેવો માહોલ

**દૈનિક પલ્સ સમાચાર:** મહારાષ્ટ્રના રાજકીય જંગમાં ભારતીય જનતા પાર્ટીના ભવ્ય વિજયના પડઘા ગુજરાતના ખેડા જિલ્લામાં પણ સંભળાયા છે. નડિયાદ સ્થિત જિલ્લા ભાજપ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે આજે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ તેમજ પ્રતિષ્ઠિત મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપના પ્રચંડ વિજયના સમાચાર મળતા જ કાર્યકર્તાઓ ઉમટી પડ્યા હતા.

જિલ્લા અધ્યક્ષ શ્રીમતી નયનાબેન પટેલની અધ્યક્ષતામાં આયોજિત આ ઉજવણીમાં કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી આકાશ ગજવી દીધું હતું. આ પ્રસંગે નયનાબેન પટેલે જણાવ્યું કે, આ વિજય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને વિકાસની રાજનીતિ પર જનતાના અતૂટ વિશ્વાસનું પરિણામ છે. મહારાષ્ટ્રની જનતાએ વિરોધ પક્ષોના ભ્રામક પ્રચારોને ફગાવીને ફરી એકવાર ભાજપને પસંદ કરી છે. બેઠકમાં પક્ષના હોદ્દેદારોએ એકબીજાના મોં મીઠા કરાવીને આ ઐતિહાસિક જીતને વધાવી હતી, જેણે ગુજરાતના કાર્યકર્તાઓમાં પણ નવા ઉત્સાહનો સંચાર કર્યો છે.

**રિપોર્ટ : હસમુખ નાયક**



# હિંમતનગર: નગરપાલિકા વિકાસ કામો માટે સંકલન બેઠક યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** શહેરી વિકાસના લક્ષ્યાંક સાથે હિંમતનગરમાં સંકલન સમિતિની બેઠક: સાબરકાંઠા-અરવલ્લીની નગરપાલિકાઓની કાયાપલટ થશે!

ગુજરાત સરકારના શહેરી વિકાસના વિઝનને સાકાર કરવા માટે હિંમતનગર ખાતે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની નગરપાલિકાઓની વિવિધ વિકાસલક્ષી બાબતો અને સરકારી ગ્રાન્ટના અસરકારક અમલીકરણ માટે સંકલન સમિતિની બેઠક જલ ભવન કોન્ફરન્સ હોલ ખાતે યોજાઈ હતી. ગાંધીનગર ઝોન પ્રાદેશિક કમિશનર બી.એમ. પટેલની અધ્યક્ષતામાં મળેલી આ બેઠક દ્વિ-જિલ્લા સ્તરે વિકાસના નવા દ્વાર ખોલનારી બની રહી હતી.

આ બેઠકમાં સાબરકાંઠા-અરવલ્લીના સાંસદ શોભનાબેન બારૈયાએ વિશેષ હાજરી આપી હતી, જેમણે નગરપાલિકાના વહીવટમાં જનભાગીદારી વધારવા અને સિટિઝન સેન્ટ્રિક ગવર્નન્સ પર ભાર મૂક્યો હતો. હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલાએ પણ સ્થાનિક સ્તરે અટવાયેલા પ્રોજેક્ટ્સને ઝડપથી પૂર્ણ કરવા અને નવી ગ્રાન્ટ માટે દરખાસ્તો તૈયાર કરવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બેઠકમાં નગરપાલિકા પ્રમુખો, ચીફ ઓફિસરો અને ઉચ્ચ અધિકારીઓ વચ્ચે સીધો સંવાદ સાધવામાં આવ્યો હતો, જેથી વિકાસલક્ષી કામોમાં નડતા વહીવટી અંતરાયો દૂર કરી શકાય. ચર્ચા દરમિયાન શહેરી વિસ્તારોની સળગતી સમસ્યાઓ જેવી કે રસ્તાના પેચવર્ક, ચોમાસા પહેલાની પ્રી-મોન્સૂન કામગીરી, અને સ્વચ્છતા અભિયાનના અસરકારક અમલ વિશે વિસ્તૃત વિચાર-વિમર્શ થયો હતો. પ્રાદેશિક કમિશનર બી.એમ. પટેલે સ્પષ્ટ કર્યું હતું કે, સરકાર ગ્રાન્ટ ફાળવવામાં પીછેહઠ નહીં કરે, પરંતુ કામમાં ગુણવત્તા અને સમયબદ્ધતા અનિવાર્ય છે. વિકાસલક્ષી કામોની અગ્રતા નક્કી કરવા અને જનસુવિધામાં વધારો કરવા માટે તમામ વિભાગોએ સંકલનમાં રહીને કામ કરવા સૂચના આપવામાં આવી હતી. આ બેઠક અત્યંત હકારાત્મક અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી, જેનો સીધો લાભ આવનારા દિવસોમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની જનતાને જોવા મળશે.

**રિપોર્ટ : જનક જાદવ**

**હિંમતનગરમાં પ્રાદેશિક કમિશનરની અધ્યક્ષતામાં બે જિલ્લાની નગરપાલિકાઓની બેઠક. વિકાસલક્ષી ગ્રાન્ટ અને સમસ્યાઓ પર ચર્ચા.**

# હિંમતનગર: સરવણામાં એક જ રાતમાં 6 મકાનોમાં ચોરીનો પ્રયાસ

**દૈનિક પલ્સ સમાચાર**: શિયાળાની વિદાય અને ઉનાળાના આગમન વચ્ચે સાબરકાંઠામાં ચોર ટોળકી સક્રિય થઈ છે. હિંમતનગર તાલુકાના સરવણા ગામમાં તસ્કરોએ મધરાતે તરખાટ મચાવ્યો હતો. એક પછી એક એમ કુલ 6 મકાનોના તાળા તોડી ચોરોએ પોલીસની ઉંઘ ઉડાડી દીધી છે. જોકે, 6 માંથી 2 મકાનોમાં તસ્કરોને મોટી સફળતા મળી હતી, જ્યાંથી તેઓ અંદાજિત ₹3.65 લાખની કિંમતના સોના-ચાંદીના ઘરેણાં અને રોકડ રકમ સેરવી ગયા હતા. ચોરીની આ ઘટનાથી ગામમાં ભયનો માહોલ છે. ચોંકાવનારી વાત એ છે કે કડકડતી ઠંડીમાં જ્યારે લોકો ઘરમાં સુરક્ષિત હોવાનો અનુભવ કરે છે, ત્યારે તસ્કરો આસાનીથી ચોરી કરીને ભાગી છૂટવામાં સફળ રહે છે. ગાભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે, પરંતુ પોલીસ આવા કિસ્સાઓમાં ભાગ્યે જ તસ્કરોને પકડી શકતી હોવાનો લોકોનો આક્ષેપ છે. મોટાભાગના કિસ્સાઓમાં તસ્કરો પોલીસ પકડથી દૂર જ રહેતા હોય છે, જે વહીવટી તંત્રની નિષ્ફળતા દર્શાવે છે. હવે જોવાનું એ રહેશે કે પોલીસ ખરેખર તસ્કરોને પકડે છે કે પછી આ કેસ પણ અન્ય વણઉકેલ્યા ગુનાઓની યાદીમાં જશે.

**રિપોર્ટ : જનક જાદવ**






# હિંમતનગરના હાથરોલમાં ₹1 કરોડના ખર્ચે પ્રોટેકશન દિવાલ અને ડેમનું ખાતમુહૂર્ત

**દૈનિક પલ્સ સમાચાર:** હાથરોલ ગામની કાયાપલટ: ₹1 કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરી સાંસદ શોભનાબેન બારૈયાએ સામાજિક જવાબદારીનો પરિચય આપ્યો! સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પંથકમાં વિકાસકાર્યોની હારમાળામાં આજે વધુ એક છોગું ઉમેરાયું છે. તાલુકાના હાથરોલ ગામમાં આવેલા ઐતિહાસિક અને આસ્થાનું કેન્દ્ર એવા ચોમુખ મહાદેવ મંદિર પરિસર પાસે ₹1 કરોડના ખર્ચે પ્રોટેકશન દિવાલ અને ડેમના આનુસંગિક કામોનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જિલ્લાના ટોચના રાજકીય નેતૃત્વની હાજરીએ ગ્રામજનોમાં નવા ઉત્સાહનો સંચાર કર્યો હતો. સાંસદ શોભનાબેન બારૈયા, હિંમતનગરના લોકપ્રિય ધારાસભ્ય વી.ડી. ઝાલા અને જિલ્લા પંચાયત પ્રમુખ ભારતીબેન પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આ ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. ઉલ્લેખનીય છે કે, ચોમુખ મહાદેવ મંદિર પાસે ચોમાસા દરમિયાન પાણીના પ્રવાહને કારણે જમીન ધોવાણની સમસ્યા રહેતી હતી, જેનો હવે કાયમી ઉકેલ આવશે. ₹1 કરોડની આ ગ્રાન્ટનો ઉપયોગ મજબૂત સંરક્ષણ દિવાલ બનાવવા અને ડેમની આસપાસના વિસ્તારને વધુ ઉપયોગી બનાવવા માટે કરવામાં આવશે.

સાંસદ શોભનાબેન બારૈયાએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સાંસ્કૃતિક વારસાને જાળવવાની સાથે પાયાની સુવિધાઓ આપવાનું કાર્ય વેગવંતું બન્યું છે. ધારાસભ્ય વી.ડી. ઝાલાએ આ પ્રોજેક્ટને સમયમર્યાદામાં પૂર્ણ કરવાની નેમ વ્યક્ત કરી હતી, જેથી આગામી ચોમાસામાં ગ્રામજનોને તેનો લાભ મળી શકે. આ કામગીરીથી માત્ર મંદિરની ભૌતિક સુરક્ષા જ નહીં વધે, પરંતુ પ્રવાસન અને જળ સંચયની દ્રષ્ટિએ પણ આ વિસ્તાર સમૃદ્ધ બનશે.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ મહાનુભાવોનું ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પંચાયતના પ્રતિનિધિઓ અને તાલુકા ભાજપના આગેવાનોએ પણ હાજર રહી સરકારની યોજનાઓ વિશે માહિતી આપી હતી. હાથરોલના રહીશોએ આ પ્રોજેક્ટ બદલ સરકાર અને લોકપ્રતિનિધિઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ખાતમુહૂર્ત વિધિ સાથે જ હાથરોલ ગામમાં વિકાસના નવા અધ્યાયનો પ્રારંભ થયો છે.

**રિપોર્ટ : જનક જાદવ**



# સાબરકાંઠા: હિંમતનગર પોલીસની રેડ, ૯ યુવાનો દારૂ સાથે જેલભેગા

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડાવતી વધુ એક ઘટના સાબરકાંઠાના હિંમતનગરમાં સામે આવી છે. રાજસ્થાનથી બેરોકટોક આવતા દારૂના જથ્થાને રોકવામાં પોલીસ તંત્ર વામણું પુરવાર થઈ રહ્યું હોય તેવું જણાય છે. હિંમતનગર એ-ડિવિઝન પોલીસે બાતમીના આધારે કાંકણોલ બ્રિજ પાસે સર્ચ ઓપરેશન હાથ ધરીને એક ખાનગી લક્ઝરી બસમાંથી ₹2.02 લાખની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. કુલ 569 બોટલો સાથે 9 યુવાનો પોલીસના હાથે ઝડપાયા છે, જેઓ આ જથ્થો અમદાવાદ તરફ લઈ જઈ રહ્યા હતા.

આ ઘટનાએ ફરી એકવાર પોલીસની કામગીરી અને હપ્તાખોરીની ચર્ચાઓને વેગ આપ્યો છે. સામાન્ય લોકોમાં એવી ચર્ચા છે કે પોલીસ અને બુટલેગરો વચ્ચેની સાઠગાંઠ તૂટે ત્યારે જ આવા બનાવો પ્રકાશમાં આવે છે. જો હપ્તા સમયસર પહોંચી જાય, તો દારૂની ગાડીઓ આસાનીથી પસાર થઈ જાય છે, પરંતુ જ્યારે વ્યવહારમાં ખલેલ પડે ત્યારે પોલીસ બાતમીના નામે કાર્યવાહીનો દેખાવ કરે છે. સાબરકાંઠામાં સતત પકડાતો લાખોનો મુદ્દામાલ સાબિત કરે છે કે દારૂબંધી માત્ર નામની જ છે. પોલીસ ફરિયાદ નોંધીને સંતોષ માની રહી છે, પણ સરહદ પારથી આવતા આ દૂષણને જડમૂળથી નાબૂદ કરવામાં તંત્ર સદંતર નિષ્ફળ રહ્યું છે. યુવાધન નશાના રવાડે ચઢી રહ્યું છે અને પોલીસ આંકડાની માયાજાળમાં વ્યસ્ત છે. **રિપોર્ટ : જનક જાદવ**



"સમાચાર તથા જાહેરાત આપવા માટે સંપર્ક કરો: ૯૯૦૯૯૧૧૧૭૫"

# નવસારી: સાંસદ ડૉ. હેમાંગ જોશીની અધ્યક્ષતામાં યુવા મોરચાની બેઠક

**દૈનિક પલ્સ સમાચાર:** સંગઠનાત્મક મજબૂતી માટે ડૉ. હેમાંગ જોશીનું યુવા મંત્ર: નવસારીમાં યુવા મોરચાની પ્રેરણાદાયી બેઠક યોજાઈ!

ભારતીય જનતા પાર્ટીની રીઢ ગણાતી યુવા શક્તિને વધુ સંગઠિત કરવાના ઉદ્દેશ્ય સાથે વડોદરાના સાંસદ અને ગુજરાત પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડૉ. હેમાંગભાઈ જોશીએ નવસારી જિલ્લાની મુલાકાત લીધી હતી. નવસારી જિલ્લા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે આયોજિત યુવા મોરચાની પરિચય અને માર્ગદર્શન બેઠકમાં ડૉ. જોશીએ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓમાં નવી ઉર્જાનો સંચાર કર્યો હતો. આ બેઠકમાં ડૉ. જોશીએ ખૂબ જ સરળ અને પ્રભાવી શૈલીમાં કાર્યકર્તાઓ સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "યુવા શક્તિ એ દેશ અને પાર્ટીની સૌથી મોટી તાકાત છે. જ્યારે યુવા કાર્યકર્તા સરકારની જનહિતકારી યોજનાઓ લઈને ગરીબના ઘર સુધી પહોંચે છે, ત્યારે જ સાચા અર્થમાં અંત્યોદયનો સંકલ્પ સિદ્ધ થાય છે." તેમણે સંગઠનને પાયાના સ્તરે મજબૂત બનાવવા માટે દરેક બૂથ સ્તર સુધી યુવા મોરચાની સક્રિયતા અનિવાર્ય હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમની ગરિમા વધારવા માટે પ્રદેશ યુવા મોરચાના મહામંત્રી ઈશાન સ્વામી, નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાભાઈ શાહ, અને ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ પણ મંચસ્થ રહ્યા હતા. ઉપરાંત, જિલ્લા યુવા પ્રભારી યશ ગોલાણી, જિલ્લા મહામંત્રી અશ્વિનભાઈ પટેલ, માજી પ્રદેશ મંત્રી શીતલબેન સોની અને જિલ્લા યુવા મોરચાના પ્રમુખ હિતેશ પટેલની આગેવાનીમાં આયોજન સુચારૂ રીતે પાર પાડવામાં આવ્યું હતું. યુવા મોરચાના મહામંત્રી જયવર્ધન પટેલ અને બાબુ રબારી સહિતના અગ્રણીઓએ પણ યુવા કાર્યકર્તાઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન નવસારીના યુવા મોરચાના કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ડૉ. હેમાંગ જોશીએ રજૂ કરેલી ભવિષ્યની કાર્યયોજનાઓ અને સંગઠનાત્મક શિસ્તના પાઠોએ કાર્યકર્તાઓને નવી દિશા આપી હતી. બેઠકના અંતે ઉપસ્થિત તમામ યુવાનોએ આગામી પક્ષલક્ષી પ્રવૃત્તિઓમાં પોતાનું સર્વશ્રેષ્ઠ યોગદાન આપવાનો અને ભાજપના વિજય રથને આગળ ધપાવવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. આ બેઠકે નવસારી જિલ્લામાં ભાજપની યુવા પાંખને એક નવા શિખરે પહોંચાડવા માટેનો મજબૂત રોડમેપ તૈયાર કર્યો છે.

**રિપોર્ટ : ભારતભાઈ દેસાઈ**



# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભાવનગરમાં ₹156 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ

## ભાવનગરમાં ₹156 કરોડના વિકાસકાર્યોની ઐતિહાસિક ભેટ

**દૈનિક પલ્સ સમાચાર:** સૌરાષ્ટ્રના સાંસ્કૃતિક હૃદય સમાન ભાવનગર શહેર માટે આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'વિકસિત ભારત'ની સંકલ્પનાને સાકાર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભાવનગરમાં ₹156 કરોડથી વધુના કુલ 23 વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું છે. ઝવેરચંદ મેઘાણી હોલ ખાતે યોજાયેલા આ ગરિમાપૂર્ણ સમારોહમાં મુખ્યમંત્રીએ ભાવનગરના ભવ્ય ભૂતકાળ અને વાઇબ્રન્ટ ભવિષ્યનો સમન્વય રજૂ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ભાવનગરની ઓળખ મહારાજા કૃષ્ણકુમારસિંહજીના ત્યાગ અને દીર્ઘદ્રષ્ટિ સાથે જોડાયેલી છે. આજે અહીં શિપ રિસાયકલિંગ અને સી.એન.જી. ટર્મિનલ જેવા વિશ્વકક્ષાના પ્રોજેક્ટ્સ કાર્યરત છે. સરકારના 'શહેરી વિકાસ વર્ષ 2025' અંતર્ગત ભાવનગર મહાનગરપાલિકાએ કનેક્ટિવિટી અને સસ્ટેનેબલ પ્લાનિંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ હેતુસર છેલ્લા ચાર વર્ષમાં જ ભાવનગરને ₹954 કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, જે દર્શાવે છે કે સરકાર ભાવનગરના વિકાસ માટે કેટલી કટિબદ્ધ છે. કાર્યક્રમમાં સૌથી મહત્વની જાહેરાત કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા દ્વારા કરવામાં આવી હતી, જેમાં ભાવનગરમાં 'સ્પીપા' (SPIPA) કેન્દ્રની મંજૂરીનો ઉલ્લેખ કરાયો હતો. આ કેન્દ્રથી ભાવનગરના પ્રતિભાશાળી યુવાનો હવે પોતાના જ શહેરમાં UPSC અને GPSC ની તૈયારી કરી શકશે. કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ વિકાસયાત્રાને ભાવનગર માટે નવતર પરિવર્તન ગણાવ્યું હતું. આગામી સમયમાં રાજકોટ VGRC હેઠળ ભાવનગરમાં ₹60 હજાર કરોડના જે રોકાણો આવવાના છે, તે લાખો રોજગારીનું સર્જન કરશે. પીવાના પાણીના પ્રોજેક્ટ્સથી લઈને આધુનિક ટ્રાફિક વ્યવસ્થા સુધીના આજના વિકાસકાર્યો ભાવેણાંવાસીઓના જીવનધોરણને વધુ ઊંચું લાવશે. કાર્યક્રમમાં ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર ભરતભાઈ બારડ અને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં ભાવનગરની જનતાએ આ વિકાસોત્સવને ઉમળકાભેર વધાવ્યો હતો.

**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



# થરાદમાં રબારી સમાજની બેઠક, નવા બંધારણને મંજૂરી

**દૈનિક પલ્સ સમાચાર:** થરાદના વાવ-થરાદ રોડ પર આવેલા રબારી સમાજ શૈક્ષણિક સંકુલ ખાતે આજે સમાજની એકતા અને ઉન્નતિ માટે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે ધાનેરાના ધારાસભ્ય માવજીભાઈ દેસાઈ અને પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારીની વિશેષ ઉપસ્થિતિમાં સમાજના આગેવાનોએ નવા બંધારણના અમલીકરણ અંગે ચર્ચા કરી હતી.

બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય બદલાતા સમય સાથે સમાજના બંધારણમાં જરૂરી સુધારાઓ લાવી શૈક્ષણિક વિકાસને વેગ આપવાનો હતો. સંકુલના પ્રમુખ ઠાકરસીભાઈ આકોલી સહિતના અગ્રણીઓએ યુવાનોને સામાજિક સુધારામાં સક્રિય ભૂમિકા ભજવવા હાકલ કરી હતી. ચર્ચાના અંતે, તમામ સભ્યોએ એકસૂરે નવા બંધારણને આવકાર્યું હતું. આ સુધારાઓથી સમાજમાં વ્યાપેલા કુરિવાજો દૂર થશે અને નવી પેઢીને શિક્ષણના માધ્યમથી આગળ વધવાની તક મળશે. બેઠકના અંતે સમાજના સર્વાંગી વિકાસ માટે સહકાર અને એકજૂટતા સાથે આગળ વધવાનો મક્કમ નિર્ધાર કરવામાં આવ્યો હતો. **રિપોર્ટ : વશાભાઈ વાલડીયા**





# થરાદ: ભાપડી ગામના ખેમજી નાઈએ રમતગમતમાં મેળવી મોટી સફળતા

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના નાના એવા ભાપડી ગામના ખેમજી ડામરાભાઈ નાઈએ અડગ ઈચ્છાશક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. શારીરિક રીતે અશક્ત હોવા છતાં, ખેમજીએ ક્યારેય ભાગ્ય પર દોષારોપણ કરવાને બદલે મેદાનમાં ઉતરીને પરસેવો પાડવાનું પસંદ કર્યું. આજે તેમની આ જ મહેનત રંગ લાવી છે અને તેઓ જિલ્લાથી લઈને રાજ્ય સ્તર સુધીના એવોર્ડ વિજેતા રમતવીર બન્યા છે.

ખેમજીએ જિલ્લા કક્ષાની ચક્ર ફેંક સ્પર્ધામાં પોતાની તાકાત બતાવી બે ઈનામો જીત્યા હતા. તેમની ઝડપનો પરચો ત્યારે મળ્યો જ્યારે તેમણે જિલ્લા કક્ષાની ટ્રાઈસિકલ રેસમાં પ્રથમ ક્રમ મેળવ્યો. આ સફળતાના સથવારે તેઓ રાજ્ય કક્ષા સુધી પહોંચ્યા અને ત્યાં પણ ટ્રાઈસિકલ સ્પર્ધામાં બે ઈનામો હાંસલ કરીને ભાપડી ગામ અને થરાદ તાલુકાનું ગૌરવ વધાર્યું. સરકાર દ્વારા રમતગમતને આપવામાં આવતા પ્રોત્સાહન અને ખેમજી જેવી અદભૂત પ્રતિભાઓના સંગમથી આજે છેવાડાના ગામડાનો યુવાન પણ રાજ્ય સ્તરે ચમકી રહ્યો છે. ખેમજીની આ સિદ્ધિ બદલ તેમને ચારેબાજુથી અભિનંદન મળી રહ્યા છે. તેમની સફર એ વાતની સાક્ષી પૂરે છે કે લક્ષ્ય નિર્ધારિત હોય તો કોઈ પણ શારીરિક અશક્તતા તમને રોકી શકતી નથી.

**રિપોર્ટ : વશાભાઈ વાલડીયા**



**થરાદના ભાપડી ગામના દિવ્યાંગ યુવક ખેમજી ડામરાભાઈ નાઈએ શારીરિક મર્યાદાઓને પરાસ્ત કરી રમતગમતમાં અદભૂત સફળતા મેળવી છે. ચક્ર ફેંક અને ટ્રાઈસિકલ રેસમાં જિલ્લા અને રાજ્ય સ્તરે અનેક ઈનામો જીતી તેમણે સાબિત કર્યું છે કે અડગ મનોબળ આગળ આભ પણ નીચું નમે છે.**

# સુરત: ઉધનામાં 104 નંબરની બસમાં યુવક પર જીવલેણ હુમલો

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતમાં ગુનેગારોને પોલીસનો જરાય ડર રહ્યો નથી, તે આ ઘટના પરથી સાબિત થાય છે. ઉધનામાં ચાલતી સુરત મહાનગરપાલિકાની 104 નંબરની સીટી બસ લોહીલુહાણ થઈ હતી. બસ જ્યારે તેના રૂટ પર જઈ રહી હતી ત્યારે અચાનક 2 થી 3 માથાભારે તત્વોએ એક યુવક પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ ચપ્પુ વડે યુવકના શરીર પર આડેધડ ઘા માર્યા હતા, જેના કારણે બસમાં બેઠેલા અન્ય મુસાફરો ભયના માર્યા થથરી ઉઠ્યા હતા. આ ઘટના સીટી બસમાં મુસાફરી કરતા હજારો લોકોની સુરક્ષા સામે મોટા સવાલો ઉભા કરે છે. સીટી બસમાં કોઈ સુરક્ષાકર્મી ન હોવાને કારણે હુમલાખોરો ગુનો કરીને સરળતાથી ફરાર થઈ ગયા હતા. શું હવે સુરતના જાહેર રસ્તાઓ અને બસોમાં પણ નાગરિકો સુરક્ષિત નથી? ભયભીત



મુસાફરોએ બૂમાબૂમ કરી મુકી હતી અને બસ થોભતા જ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઉધના પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે, પરંતુ જાહેર જનતામાં ફફડાટ વ્યાપેલો છે.

# વડોદરા ભાજપ દ્વારા મહારાષ્ટ્રના વિજયની ભવ્ય ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રવાદ અને વિકાસના રાજકારણનો મહારાષ્ટ્રમાં વિજય થયો છે. મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં મુંબઈ જેવી મહત્વની મહાનગરપાલિકાઓ સહિત 29 નગરોમાં ભાજપનો ભગવો લહેરાયો છે. આ ભવ્ય સફળતાને વધાવવા વડોદરા મહાનગર ભાજપ દ્વારા સયાજીગંજના ડેરીડેન સર્કલ ખાતે સાંજે એક વિશેષ વિજયોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વડોદરા શહેર અધ્યક્ષ ડો. જયપ્રકાશ સોનીની આગેવાની હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ભાજપના દિગ્ગજ નેતાઓની હાજરી રહી હતી. ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણે આ જીતને વડાપ્રધાન મોદીના 'સૌનો સાથ, સૌનો વિકાસ' મંત્રની જીત ગણાવી હતી. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસના નેતૃત્વમાં પ્રાદેશિક પક્ષોના જ્ઞાતિવાદી રાજકારણને મતદારોએ જડબાતોડ જવાબ આપ્યો છે. કાર્યક્રમમાં મેયર પિંકીબેન સોની, ધારાસભ્ય કેયુર રોકડીયા, ડે. મેયર ચિરાગ બારોટ અને અકોટાના ધારાસભ્ય ચૈતન્ય દેસાઈ સહિતના આગેવાનોએ કાર્યકરો સાથે મળીને આતશબાજી કરી વિજયને વધાવ્યો હતો. આ ઉજવણીએ દર્શાવ્યું છે કે ભાજપનું સંગઠન હવે માત્ર ગુજરાત પૂરતું જ નહીં પરંતુ સમગ્ર દેશમાં અભેદ્ય બની રહ્યું




**મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપના વિજયને વડોદરા શહેર ભાજપે વધાવ્યો. ડેરીડેન સર્કલ ખાતે ભવ્ય વિજયોત્સવ યોજાયો.**

# મોઢેરા સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ મહોત્સવ: શાસ્ત્રીય નૃત્યોની દિવ્ય સાંસ્કૃતિક જુગલબંધી

**દૈનિક પલ્સ સમાચાર:** મોઢેરાના સૂર્યમંદિરમાં શાસ્ત્રીય નૃત્યનો મહાકુંભ: ઉત્તરાર્ધ મહોત્સવ-2026ના આયોજનને આખરી ઓપ! ભારતની પ્રાચીન સ્થાપત્ય કલાના બેનમૂન નમૂના સમાન મોઢેરા સૂર્યમંદિર ખાતે આગામી 17 અને 18 જાન્યુઆરીના રોજ ભવ્ય 'ઉત્તરાર્ધ મહોત્સવ-2026' ઉજવાશે. રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત આ મહોત્સવમાં દેશના ખૂણેખૂણેથી આવેલા વિશ્વવિખ્યાત કલાકારો પોતાની સાધના રજૂ કરશે. આ મહોત્સવ શાસ્ત્રીય નૃત્યની ગુરુ-શિષ્ય પરંપરાને જીવંત રાખવાનો એક નમ્ર પ્રયાસ છે.

આ મહોત્સવનું આયોજન ઐતિહાસિક રીતે પણ ઘણું મહત્વનું છે. ઉત્તરાયણ પર્વ પછી જ્યારે શિયાળો ધીરે ધીરે વિદાય લેતો હોય અને સૂર્ય ઉત્તર તરફ ગતિ કરતો હોય, તેવા સંધિકાળે આ નૃત્ય ઉત્સવની પરંપરા સદીઓથી ચાલી આવે છે. મહોત્સવના પ્રથમ દિવસે રમીન્દર ખુરાના (ઓડીસી), મીનાક્ષી શ્રીયન (ભરતનાટ્યમ), માયા કુલશ્રેષ્ઠા (કથ્થક), ડો. શ્રુતિ બંદોપાધ્યાય (મણીપુરી) અને બીના મહેતા (કુચિપુડી) જેવી હસ્તીઓ કલા પીરસશે. જ્યારે બીજા દિવસે મનિકંદન એ. (કથકલી), ખુશ્બુ પંચાલ (કથ્થક), અને ડો. ડિમ્પલ સાઇકિયા (સતરીયા) જેવા કલાકારો સૂર્યમંદિરના પ્રાંગણને જીવંત બનાવશે. જિલ્લા કલેક્ટર એસ. કે. પ્રજાપતિ અને અધિક કલેક્ટર જશવંત જેગોડાએ મોઢેરા સૂર્યમંદિર ખાતે બેઠક યોજીને સુરક્ષા, બેઠક વ્યવસ્થા અને લાઈટિંગ જેવી બાબતો પર ખાસ ધ્યાન આપવા સૂચના આપી છે.

મોઢેરાનું સૂર્યમંદિર સૂર્યના ભ્રમણ અને ગ્રહોની સ્થિતિના એન્જિનિયરિંગ કૌશલ્યનું અદ્ભુત ઉદાહરણ છે, અને તેની પૃષ્ઠભૂમિમાં જ્યારે શાસ્ત્રીય નૃત્યોની પ્રસ્તુતિ થાય છે ત્યારે વાતાવરણ દિવ્ય બની જાય છે. સાંજે 06:30 વાગ્યાથી શરૂ થનારા આ સાંસ્કૃતિક યજ્ઞમાં સહભાગી થવા અને ગુજરાતના વારસાને માણવા માટે વહીવટી તંત્રએ તમામ કલા પ્રેમીઓને નિમંત્રણ પાઠવ્યું છે.



**મોઢેરા સૂર્યમંદિરમાં 17-18 જાન્યુઆરીએ ઉત્તરાર્ધ મહોત્સવ. વિશ્વવિખ્યાત કલાકારો દ્વારા શાસ્ત્રીય નૃત્યોની દિવ્ય પ્રસ્તુતિ.**

# મહીસાગર LCBનો સપાટો: 28 લાખના મુદ્દામાલ સાથે બેની ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર**: ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પાડોશી રાજ્ય રાજસ્થાનમાંથી નશાનો કારોબાર સતત ધમધમી રહ્યો છે. મહીસાગર એલ.સી.બી.ને મળેલી ચોક્કસ બાતમીના આધારે બાકોર પોલીસ સ્ટેશન વિસ્તારના લવાણા ગામની સીમમાં વોચ ગોઠવી એક સફેદ સ્વિફ્ટ ગાડીને આંતરવામાં આવી હતી. તપાસ દરમિયાન ગાડીમાંથી વિદેશી દારૂની 267 બોટલો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ દારૂની કિંમત ₹3.57 લાખ આંકવામાં આવી છે, જ્યારે સ્વિફ્ટ ગાડી સહિત કુલ ₹28.77 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પકડાયેલા આરોપીઓ યોગેશ દેવપુરી ગોસ્વામી (ડુંગરપુર) અને વિશ્વજીતસિંહ રાઠોડ (ઉદેપુર) રાજસ્થાનના રહેવાસી છે. જે રીતે લક્ઝરી કારમાં દારૂ છુપાવીને હેરાફેરી કરવામાં આવતી હતી, તે બુટલેગરોની વધતી જતી હિંમત દર્શાવે છે. જોકે, એલ.સી.બી.ની સતર્કતાથી આ પાયદળનો પર્દાફાશ થયો છે. હાલ બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને આ દારૂ કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**




# રાજપુરમાં ઉત્તરાયણની અનોખી ઉજવણી: ભોજન પ્રસાદ વિતરણ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં કાર્યરત શ્રી મંગલ નવકાર મહેક ટ્રસ્ટ ફાઉન્ડેશન દ્વારા ઉત્તરાયણ નિમિત્તે રાજપુર વિસ્તારમાં સેવાનો યજ્ઞ આદરવામાં આવ્યો હતો. હીરાલાલની ચાલીમાં આવેલા મહાકાળી મંદિરના સાનિધ્યમાં આયોજિત આ કાર્યક્રમમાં અનુસૂચિત જાતિ સંગઠન અને સ્થાનિક ટીમના સહયોગથી હજારો લોકોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

કાર્યક્રમમાં રાજકીય અને સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિએ આકર્ષણ જમાવ્યું હતું. પૂર્વ ધારાસભ્ય જીતુભાઈ વાઘેલા, કોર્પોરેટર ઈકબાલભાઈ શેખ, સતિષભાઈ શાહ અને સંગઠનના પ્રમુખ જગદીશભાઈ પીલુચીયાએ હાજર રહી આયોજકોને બિરદાવ્યા હતા. મહેમાનોનું શાલ અને પુષ્પહારથી સન્માન કર્યા બાદ, મહાકાળી માતાજીને થાળ ધરીને ભોજન પીરસવાની શરૂઆત થઈ હતી. ઉત્તરાયણના પર્વે જ્યારે આખું અમદાવાદ પતંગબાજીમાં



વ્યસ્ત હતું, ત્યારે ધીરુભાઈ અલગોતર અને તેમની ટીમે ઊંધિયું-પુરી અને જલેબીના વિતરણ દ્વારા સામાજિક સેવાની જ્યોત પ્રજ્વલિત રાખી હતી. હીરાલાલની ચાલીના નાગરિકોએ આ સ્વાદિષ્ટ પ્રસાદ લઈ ટ્રસ્ટનો આભાર માન્યો હતો. મહેન્દ્રભાઈ પટેલ, કિરીટભાઈ પરમાર અને હર્ષદભાઈ મકવાણા સહિતના કાર્યકરોની જહેમતથી આ આયોજન સુચારૂ રીતે સંપન્ન થયું હતું.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

# પાલનપુરમાં NEP-2020 હેઠળ શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોનું સન્માન

## પાલનપુર: નોલેજ વેલી ફાઉન્ડેશન દ્વારા શિક્ષકોનું સન્માન

**દૈનિક પલ્સ સમાચાર:** પાલનપુરમાં શિક્ષણની મહીમા: રાજ્યભરના સારસ્વતોનું નોલેજ વેલી ફાઉન્ડેશન દ્વારા સન્માન!

ગુજરાતના 34 જિલ્લાઓમાં શિક્ષણની જ્યોત પ્રજ્વલિત રાખનારા શિક્ષકોને પ્રોત્સાહિત કરવા માટે નોલેજ વેલી ફાઉન્ડેશન દ્વારા પાલનપુર ખાતે 'ગુજરાત સારસ્વત શિક્ષક સન્માન-2026' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય NEP-2020 અંતર્ગત વર્ગખંડમાં ગુણવત્તાસભર અને પ્રયોગાત્મક શિક્ષણ આપનારા શિક્ષકોની મહેનતને બિરદાવવાનો હતો. આ અવસરે ધારાસભ્ય અનિકેત ઠાકર, રાજ કુંવરબા, અને શિક્ષણ વિભાગના અધિકારીઓની ગરિમામય હાજરી રહી હતી. સંતો-મહંતોના આશીર્વાદ સાથે યોજાયેલા આ સમારોહમાં સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાની શિવશક્તિ વિદ્યામંદિર, દિયોલીના



વિજ્ઞાન શિક્ષક સંદીપ પટેલ "કસક" અને અરવલ્લી જિલ્લાના ભિલોડાની પ્રેરણા મંદિરના જીવવિજ્ઞાન શિક્ષક ડૉ. મહેશભાઈ પટેલને વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું. બંને શિક્ષકો અગાઉ પણ જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત થઈ ચૂક્યા છે. સન્માનિત શિક્ષકોને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી તેમના શિક્ષણ પ્રત્યેના સમર્પણને મહાનુભાવોએ બિરદાવ્યું હતું. આ પ્રસંગે સંદીપ પટેલ "કસક" ની કાવ્યમય શૈલી અને ડૉ. મહેશભાઈ પટેલની વિષય પ્રત્યેની નિપુણતાની પણ પ્રશંસા કરાઈ હતી. બંને શાળાઓના સંચાલકો અને સાથી શિક્ષકોએ આ સિદ્ધિ બદલ ગૌરવની લાગણી વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા. **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**

# ખેરોલ ન્યુ સ્કૂલ લોકાર્પણ

## તલોદ: ખેરોલ ગામે આધુનિક શૈક્ષણિક સંકુલનું ભવ્ય લોકાર્પણ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠાના તલોદ તાલુકાના ખેરોલ ગામે આજે શિક્ષણનો મંગલ ઉત્સવ ઉજવાયો. ન્યુ સ્કૂલના અત્યાધુનિક નવીન મકાનનું લોકાર્પણ સાંસદ શોભનાબેન બારૈયા અને ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું. લોકાર્પણ બાદ મહાનુભાવોએ શાળાના નવીન વર્ગખંડોનું નિરીક્ષણ કર્યું હતું.

સાંસદ શોભનાબેન બારૈયાએ જણાવ્યું કે ખેરોલ ગામમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતિ સરાહનીય છે અને આ નવું સંકુલ દેશના વિકાસમાં પાયાની ઈંટ સાબિત થશે. ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારે ગ્રામજનોને સંબોધતા આ શાળાને આસ્થાનું કેન્દ્ર અને ભારતનું ભાવિ ઘડતું કેન્દ્ર ગણાવ્યું હતું. જિલ્લા શિક્ષણ અધિકારી મીતાબેન ગઢવી અને આચાર્ય સંઘના પ્રમુખ ભાનુભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીઓ, દાતાશ્રીઓ અને ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ નવી સુવિધાથી પંથકના વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ મેળવવામાં મોટી સરળતા રહેશે.

**રિપોર્ટ : વિશાલ ચૌહાણ**





# ભગવાન પણ અસુરક્ષિત? મંદિરમાં મહાચોરીએ પોલીસ પેટ્રોલિંગની પોલ ખોલી

**દૈનિક પલ્સ સમાચાર:** ભગવાનના ઘરે લૂંટ: તસ્કરોએ આસ્થા અને કાયદો બંનેને પડકાર્યા, પોલીસ ઉંઘતી ઝડપાઈ! આજકાલ ચોર-લૂંટારાઓને કાયદાનો કોઈ જ ભય રહ્યો નથી, જેનો તાજો પુરાવો આ મંદિર ચોરીની ઘટના છે. તસ્કરોએ અત્યંત બેરહેમીથી અને આયોજનબદ્ધ રીતે મંદિરની કિંમતી મિલકતો પર હાથફેરો કર્યો છે. ચોરી થયેલી વસ્તુઓની યાદી જોતા કોઈનું પણ હૃદય દ્રવી ઉઠે તેમ છે. અંદાજે 7 કિલોથી વધુ વજનના પાંચ ફેણવાળા ચાંદીના નાગદેવતા, જેની બજાર કિંમત ₹2,14,200 થી વધુ થાય છે, તેને તસ્કરો ઉખેડી ગયા છે. લૂંટારાઓની નજર પવિત્ર આભૂષણો પર હતી; તેઓ 2.020 કિલોની ચાંદીની ગાગર, સોનાની ગિલ્ટવાળી ચાંદીની પાદુકાઓ, બે ચાંદીના છત્ર અને સોનાની ગિલ્ટવાળો મુગટ પણ લઈ ગયા છે. ભક્તિ ભાવનાના પ્રતિક સમાન ચાંદીના 15 ત્રિશૂળના ટુકડા અને કાનના એરિંગ્સ પણ છોડવામાં આવ્યા નથી. એટલું જ નહીં, ભાગવા માટે તસ્કરોએ મંદિરનું એક્ટિવા વાહન (ચેસિસ નંબર: ME4JF501DD8179283) વાપર્યું હોવાનું સામે આવ્યું છે. આ ઘટના પોલીસની નિષ્ક્રિયતાની ચાડી ખાય છે. રાત્રિ પેટ્રોલિંગના મોટા દાવાઓ વચ્ચે તસ્કરો આટલી મોટી મત્તા અને વાહન લઈને આરામથી ફરાર થઈ જાય છે, તે તંત્ર માટે શરમજનક છે. ગ્રામજનો અને ભક્તોમાં એવી ચર્ચા છે કે જો પોલીસ સમયસર જાગૃત હોત, તો કદાચ આ કિંમતી મૂર્તિઓ ચોરી ન થઈ હોત. શું આ ચોરોને કોઈ વગદાર વ્યક્તિના આશીર્વાદ છે? કે પછી પોલીસ તપાસના નામે માત્ર નાટક કરી રહી છે? લોકો હવે આ મામલે ઉચ્ચ કક્ષાની તપાસ અને તસ્કરોની ત્વરિત ધરપકડની માંગ કરી રહ્યા છે. શ્રદ્ધાના કેન્દ્રો પર થયેલા આ હુમલાએ સમગ્ર પંથકમાં સન્નાટો અને રોષ ફેલાવ્યો છે.

**રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**



**મંદિરમાં તસ્કરોનો આતંક. 7 કિલોના ચાંદીના નાગદેવતા, સોનાની ગિલ્ટવાળા છત્ર અને એક્ટિવા સહિત લાખોની ચોરીથી ભક્તોમાં રોષ.**

# નડિયાદ: સંતરામ મંદિરે ઉત્તરાયણે દાનની સરવાણી વહી

**દૈનિક પલ્સ સમાચાર:** શું ગુજરાતમાં આંતર-જિલ્લા ગુનેગારોને રોકવામાં પોલીસ નિષ્ફળ જઈ રહી છે? ખેડા LCBએ હાલમાં પકડેલા એક આરોપીની વિગતો ચિંતાજનક છે. નડિયાદના સંત અન્ના હાઈસ્કૂલ પાસે રહેતો ગોપાલ ઉર્ફે ગટી તળપદા જામનગરના જોડિયામાં બે અને ભાવનગરના બગદાણામાં એક એમ કુલ ત્રણ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલો હતો. તે રાજ્યભરમાં ફરીને મિલકત વિરુદ્ધના ગુના આચરતો હતો, છતાં પોલીસ તેને ગુના કરતા રોકી શકી નહીં.

જ્યારે તે નડિયાદ પરત ફર્યો અને પોતાના ઘરે હતો, ત્યારે ખેડા LCBના ASI ઋતુરાજસિંહને બાતમી મળતા તેને ઝડપી લેવાયો છે. PI કે.આર. વેકરીયાની ટીમે ભલે આરોપીને BNSS કલમ ૩૫(૧) મુજબ અટકાયતમાં લીધો હોય, પરંતુ આ ઘટના પોલીસ પેટ્રોલિંગ અને ઈન્ટેલિજન્સની પોલ ખોલે છે. એક ગુનેગાર એક પછી એક ત્રણ ગુના આચરે ત્યાં સુધી પોલીસ શું કરતી હતી? શું પોલીસ માત્ર ફરિયાદ નોંધવા માટે જ છે? આરોપીને હાલ નડિયાદ ટાઉન પોલીસને સોંપવામાં આવ્યો છે, પરંતુ જે લોકોની મિલકત ચોરાઈ છે તેમને ન્યાય ક્યારે મળશે તે મોટો પ્રશ્ન છે.

**રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**









# બનાસકાંઠા: દૈયપ ગામની આંગણવાડી જર્જરિત, તંત્ર ઘોર નિદ્રામાં

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠાના સરહદી વિસ્તારમાં શિક્ષણનો રકાસ: દૈયપ ગામની આંગણવાડીમાં બાળકોના શિરે મોતનો ખતરો, ક્યાં છે 'વિકસિત ગુજરાત'? બનાસકાંઠા જિલ્લો હંમેશાથી વિકાસની બાબતમાં પછાત રહ્યો છે અને તેમાં પણ વાવ-થરાદ જેવા સરહદી વિસ્તારોમાં સરકારી તંત્રની બેદરકારી પરાકાષ્ઠાએ પહોંચી છે. ધરણીધર તાલુકાના દૈયપ ગામમાં આવેલી આંગણવાડીની હાલત જોઈને કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિનું હૃદય દ્રવી ઉઠે. આ ઈમારત વર્ષોથી જર્જરિત હાલતમાં છે અને છત પરથી સિમેન્ટના પોપડા પડવા એ હવે રોજની વાત બની ગઈ છે. છતાં, આશ્ચર્યની વાત એ છે કે તંત્ર હજુ પણ આ ગંભીરતાને સમજી શક્યું નથી.

દૈયપ ગામના રહીશોએ આક્ષેપ કર્યો છે કે વર્ષોથી રજૂઆતો કરવા છતાં, સરકારના કાન સુધી તેમની બૂમ પહોંચતી નથી. આંગણવાડીમાં આવતા ભૂલકાઓ, જેઓ દેશનું ભવિષ્ય છે, તેઓ આજે અત્યંત અસુરક્ષિત વાતાવરણમાં અભ્યાસ કરી રહ્યા છે. શૌચાલય અને પીવાના પાણીની વ્યવસ્થા તો ઠીક, પણ માથા પર સલામત છત હોવી એ પણ અહીં એક સપનું બની ગયું છે. વારંવાર રજૂઆત કરવા છતાં કામ કેમ નથી થતું? શું બજેટનો અભાવ છે કે પછી નેતાઓની ઈચ્છાશક્તિનો? પત્રકારત્વની દ્રષ્ટિએ જોઈએ તો, આ માત્ર એક ઈમારતની સમસ્યા નથી, પણ તંત્રની નિષ્ફળતાનું વરવું પ્રદર્શન છે. જે બાળકોને આંગણવાડીમાં પૌષ્ટિક આહાર અને પ્રારંભિક શિક્ષણ મળવું જોઈએ, તેઓ અહીં સતત ડરના ઓથાર હેઠળ રહે છે. જો કોઈ દુર્ઘટના ઘટશે, તો શું અધિકારીઓ તેની જવાબદારી સ્વીકારશે? સરકારને નમ્ર વિનંતી છે કે પ્રોટોકોલ અને ફાઈલોની માયાજાળમાંથી બહાર આવીને દૈયપ ગામના બાળકો માટે ત્વરિત નવી આંગણવાડી મંજૂર કરવામાં આવે. જો ૧૫ ઓગસ્ટ કે ૨૬ જાન્યુઆરી જેવા પર્વો પર મોટા ભાષણો આપી શકાય, તો જમીન પર રહેલા આવા પ્રશ્નોનો ઉકેલ કેમ લાવી શકાતો નથી? જનતા હવે આશ્વાસનો નહીં, એક્શન ઈચ્છી રહી છે. જો આગામી સમયમાં કોઈ પગલાં લેવામાં નહીં આવે, તો દૈયપ ગામના લોકો રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કરવા મજબૂર બનશે. **રિપોર્ટ :ભાનુભાઈ પરમાર**



# પાળીયાદ: જોગીડુંગરોમાં રહસ્યમય લાશ મળતા પોલીસ તપાસ તેજ

**દૈનિક પલ્સ સમાચાર:** પાળીયાદના જોગીડુંગરામાં લાશ મળી આવતા રહસ્ય ઘેરાયું: શું આ સુનિયોજિત હત્યા છે?

પાળીયાદ ગામ ખાતે આજે જોગીડુંગરો વિસ્તારમાં એક વ્યક્તિની લાશ મળી આવતા પંથકમાં ખળભળાટ મચી ગયો છે. જે રીતે નિર્જન ડુંગરાળ વિસ્તારમાં આ લાશ પડી હતી, તે જોતા અનેક શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતક રાજુભાઈ શવાભાઈ ધોડકીયા છે, જેમના અચાનક મૃત્યુથી તેમના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ઘટનાની જાણકારી મળતા જ પાળીયાદ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. પોલીસે લાશનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ અર્થે પાળીયાદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડી છે. મેડિકલ તપાસ બાદ જ બહાર આવશે કે રાજુભાઈનું મોત કેવી રીતે થયું. પરંતુ ઘટનાસ્થળની પરિસ્થિતિ જોતા ગ્રામજનોમાં એવી ચર્ચા છે કે આ કોઈ અકસ્માત કે સામાન્ય મોત ન હોઈ શકે. શું રાજુભાઈને અહીં મારીને ફેંકી દેવામાં આવ્યા હતા? કે પછી કોઈ એવી ગંભીર બાબત હતી જેના કારણે તેમનું જીવન અકાળે ટૂંકાયું?

પાળીયાદ પોલીસ હાલમાં આ કેસમાં દરેક પાસાઓ પર તપાસ કરી રહી છે. મોબાઈલ લોકેશન, કોલ ડિટેલ્સ અને આસપાસના સીસીટીવી ફૂટેજની પણ તપાસ કરવામાં આવી શકે છે. લોકોમાં એવી પણ માંગ ઉઠી છે કે આ વિસ્તારમાં પોલીસનું પેટ્રોલિંગ વધારવામાં આવે જેથી આવી અઘટિત ઘટનાઓ અટકે. પોલીસ હાલ PM રિપોર્ટની રાહ જોઈ રહી છે, જે આ સમગ્ર રહસ્ય પરથી પડદો ઉઠાવશે. હાલ પૂરતું પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જનતામાં ન્યાયની અપેક્ષા છે કે જો આ હત્યા હોય તો આરોપીઓ વહેલી તકે પકડાઈ જાય.

**રિપોર્ટ : મનસુખ વાળા**



**પાળીયાદના જોગીડુંગરો વિસ્તારમાં આજે એક વ્યક્તિની બિનવારસી લાશ મળી આવતા પંથકમાં ભયનો માહોલ ફેલાયો છે. મૃતકની ઓળખ રાજુભાઈ શવાભાઈ ધોડકીયા તરીકે થઈ છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી લાશનો કબજો મેળવી મૃત્યુનું રહસ્ય ઉકેલવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.**

# જલાલપોર: ચોખડ અને આસણામાં ગેરકાયદે ભઠ્ઠાનો કાળો કારોબાર

## નવસારીમાં ગેરકાયદે ઇંટના ભઠ્ઠાથી પર્યાવરણને નુકસાન

**દૈનિક પલ્સ સમાચાર:** નવસારીના જલાલપોરમાં ઇંટના ભઠ્ઠાનો ભયાનક ખેલ: પર્યાવરણનું નિકંદન કાઢતા ભૂમાફિયાઓ સામે તંત્ર લાચાર કે ભાગીદાર?

નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં હાલ કુદરતી સંપત્તિની ખુલ્લેઆમ લૂંટ ચાલી રહી છે. ચોખડ, આસણા, વારેગામ અને કાલા કાચા જેવા ગામોમાં ગેરકાયદેસર ઇંટના ભઠ્ઠા કોઈ પણ રોકટોક વગર ધમધમી રહ્યા છે. પર્યાવરણ અને વન વિભાગના નિયમોનું અહીં સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. ભઠ્ઠાની ચીમનીઓમાંથી નીકળતો ઝેરી ધુમાડો માત્ર વાતાવરણ જ નહીં, પરંતુ માનવ જીવનને પણ શ્વાસ લેવા માટે અશક્ત બનાવી રહ્યો છે. શ્વાસની બીમારી અને આંખોમાં બળતરા એ આ વિસ્તારના લોકોની રોજિંદી સમસ્યા બની ગઈ છે.

પર્યાવરણવાદીઓના મતે, ઇંટો બનાવવા માટે જમીનનું જે આડેધડ ખોદકામ કરવામાં આવે છે, તે જમીનની ફળદ્રુપતાને કાયમ માટે ખતમ કરી નાખે છે. ભૂગર્ભ જળસ્તર નીચા જઈ રહ્યા છે, જેના કારણે ભવિષ્યમાં પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાશે. આટલું મોટું કૌભાંડ ચાલતું હોવા છતાં ખાણ-ખનિજ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને સ્થાનિક મામલતદાર કચેરીની શાંતિ અનેક શંકાઓ જન્માવે છે. લોકોનો આરોપ છે કે વગદાર રાજકીય નેતાઓના રક્ષણ હેઠળ આ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે અને સરકારી અધિકારીઓ પણ 'ચૂપકીદીની કિંમત' વસૂલી રહ્યા છે. રાત્રિના અંધારામાં થતી માટીની હેરાફેરી અને નિયમ વિરુદ્ધ ચાલતા આ ભઠ્ઠા સામે જનતામાં ઉગ્ર રોષ છે. જો તંત્ર દ્વારા આ ગેરકાયદે પ્રવૃત્તિ પર તાત્કાલિક રોક લગાવીને કાયદેસરના પગલાં લેવામાં નહીં આવે, તો જનતા આંદોલનનો માર્ગ અપનાવશે. હવે જોવાનું એ રહે છે કે નવસારી જિલ્લા કલેક્ટર આ ગંભીર મામલે હસ્તક્ષેપ કરીને આ કાળા કારોબારને અટકાવે છે કે પછી ભ્રષ્ટાચારીઓને ખુલ્લું મેદાન મળતું રહેશે.



**નવસારીના જલાલપોર તાલુકામાં બેરોકટોક ચાલતા ઇંટના ભઠ્ઠાથી પર્યાવરણ અને જનસ્વાસ્થ્ય જોખમાયું. તંત્રની મિલીભગતની આશંકા વચ્ચે લોકરોષ.**

### અરાલ પ્રાથમિક શાળા ઉદ્ઘાટન

## કઠલાલ: અરાલ ગામે આધુનિક પ્રાથમિક શાળાનું લોકાર્પણ

**દૈનિક પલ્સ સમાચાર:** કઠલાલ તાલુકાના અરાલ ગામના વિકાસમાં વધુ એક સોનેરી પીંછું ઉમેરાયું છે. બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ આપવાના ઉમદા હેતુથી તૈયાર થયેલા અત્યાધુનિક શાળા ભવનનું આજે મંગલ ઉદ્ઘાટન કરવામાં આવ્યું. દીપ પ્રાગટ્ય અને રીબન કાપીને આ ભવન વિદ્યાર્થીઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું ત્યારે આખું ગામ ઉત્સાહમાં રંગાયું હતું.

આ નવીન શાળામાં હવાઉજાસવાળા વર્ગખંડો, ડિજિટલ શિક્ષણ માટે સ્માર્ટ ક્લાસ અને શારીરિક વિકાસ માટે રમતગમતના સાધનો જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, સરકારની પ્રાથમિકતા ગામડાના બાળકોને આધુનિક વાતાવરણ પૂરું પાડવાની છે. સરપંચશ્રીએ શિક્ષણ વિભાગનો આભાર માનતા કહ્યું કે હવે બાળકોને ઉત્તમ શિક્ષણ માટે ગામની બહાર નહીં જવું પડે. વર્ષોની પ્રતીક્ષા બાદ મળેલી આ ભેટથી અરાલ ગામના શૈક્ષણિક સ્તરમાં મોટો સુધારો જોવા મળશે.

**રિપોર્ટ : ધર્મેન્દ્રકુમાર ડાભી**



# વીજપડીમાં 'આપ'નું મેગા કેમ્પેઇન: ભાજપ શાસન સામે ગ્રામજનોમાં ભારે રોષ

**દૈનિક પલ્સ સમાચાર:** સાવરકુંડલાના વીજપડીમાં પરિવર્તનની પોકાર: આમ આદમી પાર્ટીના મેગા કેમ્પેઇને સત્તાધારી પક્ષોની ઊંઘ ઉડાડી! અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં આમ આદમી પાર્ટી દ્વારા શરૂ કરાયેલ 'સંગઠન શક્તિ અભિયાન' હવે વેગ પકડી રહ્યું છે. વીજપડી ગામે યોજાયેલા વિશાળ ડોર-ટુ-ડોર મેગા કેમ્પેઇનમાં જનમેદની જે રીતે ઉમટી હતી, તે દર્શાવે છે કે જનતા વર્તમાન વ્યવસ્થા અને ભ્રષ્ટાચારી નીતિઓથી સખત નારાજ છે. કિરીટસિંહ ભાટી, ભાવેશભાઈ લાડુમોર અને સમીર ખોખરના નેતૃત્વમાં કાર્યકરોની ફોજે આખા ગામમાં જનસંપર્ક સાધી પક્ષની નિતિઓ લોકો સુધી પહોંચાડી હતી.

આ પ્રવાસ દરમિયાન વીજપડીના વેપારીઓ, ખેડૂતો અને ખાસ કરીને યુવા વર્ગે સરકાર પ્રત્યે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. શિક્ષણમાં વ્યાપારીકરણ, મોંઘી વીજળી અને ખેડૂતોને પડતી સિંચાઈની મુશ્કેલીઓ જેવા મુદ્દે લોકોએ 'આપ' ને એકમાત્ર વિકલ્પ ગણાવ્યો હતો. વિધાનસભા પ્રભારી ઓધવજીભાઈ પટેલ અને જી.પં. પ્રભારી મનીષભાઈ શેલડીયાએ જણાવ્યું કે જનતા હવે માત્ર આશ્વાસનોથી સંતુષ્ટ નથી, તેમને પરિણામ જોઈએ છે.

ભ્રષ્ટાચાર મુક્ત, લોકહિતલક્ષી અને જવાબદાર શાસન માટે 'ઝાડુ' જ શ્રેષ્ઠ વિકલ્પ હોવાનું જાહેર આહવાન આ પ્રસંગે કરવામાં આવ્યું હતું. વડીલ આગેવાન ગિરધરભાઈ ખાત્રાણીએ પણ પરિવર્તન માટે આહવાન કર્યું હતું. આ મેગા કેમ્પેઇનની સફળતા જોઈને સ્પષ્ટ જણાય છે કે વીજપડીમાં આમ આદમી પાર્ટીનું સંગઠન હવે વટવૃક્ષ બની ગયું છે. લોકોએ સ્વયંભૂ રીતે આવનારી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારને જંગી બહુમતીથી વિજયી બનાવવાનો સંકલ્પ કર્યો છે. સમીર ખોખરના જણાવ્યા અનુસાર, આ જનસમર્થન સાબિત કરે છે કે પ્રજા હવે જૂઠા વાયદાઓ અને જૂની રાજકીય પદ્ધતિઓને જાકારો આપવા માટે તૈયાર છે. **રિપોર્ટ : સમીર ખોખર**






# કેશોદને ભેટ: ટૂંક સમયમાં દોડશે 2 નવી સીટી બસો

**દૈનિક પલ્સ સમાચાર:** કેશોદ નગરપાલિકાની મોટી ભેટ: સીટી બસ સેવા સાથે કેશોદના વિકાસનો નવો અધ્યાય શરૂ! કેશોદ શહેરના ઇતિહાસમાં પ્રથમવાર સાર્વજનિક પરિવહન ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફાર આવવા જઈ રહ્યો છે. નગરજનોની મુસાફરીને વધુ સુગમ બનાવવા માટે ૨ નવી આધુનિક સીટી બસો શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ સેવા માત્ર પરિવહનનું સાધન નથી, પરંતુ કેશોદના વધતા જતા વ્યાપ અને આધુનિકીકરણનું પ્રતીક છે. આ બસ સેવાના પ્રારંભથી શહેરના ભૌગોલિક રીતે વિસ્તરેલા ભાગોને મોટો ફાયદો થશે. મેહુલભાઈ ગોડલીયા વિસ્તાર, SO વિઠલાણીભાઈ પ્લોટ અને બ્રહ્મકુમારી કેન્દ્ર જેવા વિસ્તારો, જ્યાંથી મુખ્ય બજાર કે રેલવે સ્ટેશન પહોંચવામાં મુશ્કેલી પડતી હતી, ત્યાં હવે બસની સુવિધા ઉપલબ્ધ થશે. આ સેવાનો સૌથી મોટો લાભ મહિલાઓ, વૃદ્ધો અને શાળાઓ-કોલેજોમાં જતા વિદ્યાર્થીઓને થશે, જેમને હવે સુરક્ષિત અને નિયમિત પરિવહન મળશે. રાજકીય દ્રષ્ટિએ જોઈએ તો, સ્થાનિક પ્રતિનિધિઓ દ્વારા જનતાને અપાયેલું વચન પૂરું થતું દેખાઈ રહ્યું છે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ બસો મુસાફરોને રિક્ષાના મોંઘા ભાડામાંથી મુક્તિ અપાવશે અને પરિવહનના ખર્ચમાં ધરખમ ઘટાડો કરશે. તંત્ર દ્વારા ખાતરી આપવામાં આવી છે કે બસના રૂટ અને સમયપત્રક નગરજનોની જરૂરિયાત મુજબ જ ગોઠવવામાં આવશે. કેશોદના મુખ્ય માર્ગો પર જ્યારે આ બસો દોડતી થશે ત્યારે શહેરની રોનક બદલાઈ જશે. વિકાસના આ કામથી સ્થાનિક વેપાર-રોજગારને પણ વેગ મળશે કારણ કે લોકોની અવરજવર વધશે. નગરજનોમાં આ સેવાની જાહેરાત થતા જ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કેશોદને વધુ સુંદર, સુવિધાજનક અને કનેક્ટેડ બનાવવા માટેનું આ પ્રશંસનીય કદમ આગામી દિવસોમાં શહેરના વિકાસની નવી ઊંચાઈઓ સર કરશે.

**રિપોર્ટર : હર્ષ ભરડા**



# કેશોદ કોંગ્રેસનો લોકસંવાદ: જનપ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા

**દૈનિક પલ્સ સમાચાર:** કેશોદ તાલુકામાં કોંગ્રેસ પક્ષ દ્વારા જન-જન સુધી પહોંચવા માટે 'લોકસંવાદ' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અજાબ, મેસવાણ, બાલાગામ અને અગતરાઈ જેવી મહત્વની જિલ્લા પંચાયત સીટો પર યોજાયેલા આ કાર્યક્રમોમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ હાજરી આપી કાર્યકરોમાં પ્રાણ ફૂંક્યા હતા. પ્રદેશ કોંગ્રેસના નેતા ડૉ. શહેનાઝબેન બાબી અને હીરાભાઈ જોટવાએ કાર્યકરોને સંબોધતા જણાવ્યું કે સંગઠન એ જ શક્તિ છે. કાર્યક્રમમાં ખેડૂતોના પ્રશ્નો, મોંઘવારી, અને ગ્રામ્ય વિસ્તારના વિકાસકામોની સમીક્ષા કરવામાં આવી હતી. હમીરભાઈ ધૂળા અને હરેશભાઈ ડાંગરે સ્થાનિક કક્ષાએ કોંગ્રેસની વિચારધારાને મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. લોકસંવાદમાં સરપંચો, તાલુકા પંચાયતના સદસ્યો અને પાયાના કાર્યકરો સાથે સીધો સંવાદ કરી તેમની મૂંઝવણો દૂર કરવામાં આવી હતી. આ પ્રવાસ કાર્યક્રમથી ગ્રામીણ વિસ્તારોમાં કોંગ્રેસનું વચસ્વ વધ્યું હોવાનું અને સંગઠન વધુ સુદ્રઢ બન્યું હોવાનું નેતાઓએ ગર્વભેર જણાવ્યું હતું. આ કાર્યક્રમ આગામી ચૂંટણીઓ માટે પાયાની ઈંટ સાબિત થશે તેવો આશાવાદ પણ વ્યક્ત કરાયો હતો.



# સાવરકુંડલાના મઢડા ગામના સરપંચ સામે ઉચાપત અને દબાણ મુદ્દે TDOને ફરિયાદ

**દૈનિક પલ્સ સમાચાર:** સાવરકુંડલાના મઢડામાં ભ્રષ્ટાચારનો મહાવિસ્ફોટ: સરપંચ સામે ઉચાપત અને સત્તાના દુરુપયોગની રણભેરી! મઢડા ગામના સરપંચ નાજાભાઈ કરશનભાઈ સરવૈયાના વહીવટ સામે હવે ઘરના જ ભેદુ એટલે કે ઉપસરપંચ હારૂનભાઈ ડી. દલે મોરચો ખોલ્યો છે. તાલુકા વિકાસ અધિકારીને પાઠવેલા પત્રમાં સરપંચના એક પછી એક કૌભાંડોની વિગતવાર પોલ ખોલવામાં આવી છે. પ્રોટેક્શન વોલના નામે ₹40,000 ની સીધી ઉચાપતથી લઈને લાખો રૂપિયાના બિનજરૂરી ગટર કામોમાં ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે. ભોકરવાના રસ્તે જ્યાં કોઈ રહેતું નથી ત્યાં સાડા ચાર લાખની ગટર બનાવી કોના ખિસ્સા ભરવામાં આવ્યા તે મોટો પ્રશ્ન છે. આક્ષેપોની યાદીમાં સરકારી ટ્રેક્ટરનો દુરુપયોગ અને ગામમાં ગંદકી હોવા છતાં સફાઈના નામે થતા ખર્ચાનો પણ સમાવેશ થાય છે. DMF (ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન) ના રિચાર્જ પીટના કામોમાં તપાસ ટીમનો નેગેટિવ રિપોર્ટ હોવા છતાં સરપંચે મનસ્વી રીતે ચુકવણું કરી દીધું છે, જે સરકારી તિજોરી પર તરાપ સમાન છે. લોકશાહીનું મંદિર ગણાતી ગ્રામસભા પણ સરપંચ પોતાની મરજી મુજબ ચલાવી રહ્યા છે અને સભ્યોને ઉદ્ધત જવાબો આપી રહ્યા છે. વ્યક્તિગત સ્વાર્થની હદ તો ત્યાં આવી છે કે સરપંચે પોતાના ગેરકાયદે દબાણ વાળા મકાનની ચારે બાજુ સરકારી ખર્ચે બ્લોક પેવિંગ ફિટ કરી દીધા છે. આ ઉપરાંત ગામતળ અને ગૌચરની કિંમતી જમીનો પર સરપંચના અંગત માણસોએ મોટા પાયે દબાણો કર્યા હોવાની રજૂઆત કરવામાં આવી છે. સમીર ખોખર દ્વારા જારી કરાયેલ અખબારી યાદીમાં સ્પષ્ટ જણાવાયું છે કે જો 15 દિવસમાં આ તમામ મુદ્દે ન્યાયિક તપાસ કરી ફોજદારી કાર્યવાહી કરવામાં નહીં આવે, તો ઉપસરપંચ, પંચાયત સભ્યો અને ગ્રામજનો જન આંદોલન છેડશે અને ઉપવાસ પર ઉતરશે. હવે જોવાનું એ રહે છે કે સાવરકુંડલા TDO આ 'પુષ્પરાજ' સ્ટાઈલના વહીવટ સામે કેવા પગલાં ભરે છે.

**રિપોર્ટ : સમીર ખોખર**



**સાવરકુંડલાના મઢડા ગામના સરપંચ સામે ઉચાપત અને દબાણ મુદ્દે TDOને ફરિયાદ. 15 દિવસમાં પગલાં નહીં લેવાય તો આંદોલનની ચીમકી.**

# મહુવા: ભ્રષ્ટ કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગત?

**દૈનિક પલ્સ સમાચાર:** મહુવા તાલુકાના કરચેલિયામાં ભ્રષ્ટાચારનો ગઢ ધરાશાયી થશે? કોન્ટ્રાક્ટર અને સરકારી બાબુઓની સાંઠગાંઠે પાયમાલ કર્યા રસ્તા! મહુવા તાલુકો હાલ ભ્રષ્ટાચારના મામલે મોખરે હોય તેમ લાગી રહ્યું છે. ખાસ કરીને કરચેલિયાથી નેવનીયા ફળિયા તરફ જતો નવનિર્મિત ડામર રોડ સરકારી તંત્રની પોલ ખોલી રહ્યો છે. જે રસ્તાની ગેરંટી વર્ષોની હોવી જોઈએ, ત્યાં માત્ર ૧૨ મહિનામાં ઘાસ ઉગી નીકળે તે બાબત જ સૂચવે છે કે અહીં ડામરના નામે માત્ર કાળું તેલ છાંટવામાં આવ્યું છે. આ કામગીરીને 'લાલી-લિપસ્ટિક' જેવી ઉપરછલ્લી ગણાવી સ્થાનિક લોકો આકરા પ્રહાર કરી રહ્યા છે.

સવાલ એ ઊભો થાય છે કે આ ભ્રષ્ટાચારના 'કાંડ' પાછળ અસલી માસ્ટરમાઇન્ડ કોણ છે? કોન્ટ્રાક્ટર તો દોષિત છે જ, પણ શું સરપંચ અને તલાટીએ પોતાની આંખો બંધ રાખી હતી? કે પછી તેમને પણ આ ભ્રષ્ટાચારની



મલાઈમાં હિસ્સો મળ્યો છે? સૌથી મોટો પ્રશ્ન તો એ છે કે જે અધિકારીઓએ આ રોડનું નિરીક્ષણ કરવાનું હતું અને જેણે બિલો પાસ કર્યા, શું તેઓ આંધળા હતા કે પછી 'ગાંધી છાપ' ની ચમક જોઈને સત્ય ભૂલી ગયા? સરકારી તિજોરી પર તરાપ મારતા આ 'સફેદ કોલર' ચોરો સામે ક્યારે કાર્યવાહી થશે? ગ્રામજનોની માંગ છે કે આ રસ્તાનું ફરીથી ટેસ્ટિંગ કરવામાં આવે અને જવાબદાર કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરી તેની મિલકતમાંથી વસૂલાત કરવામાં આવે. જો આગામી દિવસોમાં આ બેદરકાર સરપંચ, તલાટી અને કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં નહીં લેવાય, તો જનતા આંદોલનનો માર્ગ અપનાવશે. શું તંત્ર આ ભ્રષ્ટાચારીઓની છત્રછાયા બનશે કે પછી ન્યાય કરશે? તે જોવું રહ્યું. **રિપોર્ટ : ભાવેશ પટેલ**